સુવિચાર

જીવનમાં સંયમ, સદાચાર જ્યાં સુધી ન આવે ત્યાં સુધી પુસ્તકનું જ્ઞાન કાંઈ કામ લાગશે નહીં.

:: સૌજન્ય ::


નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭


પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૦૯/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ શ્રાવણ વદ-૩ વર્ષ : ૧૫ અંક : ૨૨૧


## ડો. જીવરાજ મહેતા ચોકમાં શહેરીજનોએ પ્રધાનમંત્રીને પત્ર પાઠવવા ઉત્સાહ દર્શાવ્યો

# અમરેલીમાં ''મિશન બ્રોડગેજ'' અભિયાનને પ્રચંડ સમર્થન

- શહેરીજનોને છેલ્લા ૨૦ વર્ષથી બ્રોડગેજ રેલ્વેની સુવિધા આપવામાં નેતાઓ નિષ્ફળ રહેતા જનતા આવી મેદાનમાં
- મિશન બ્રોડગેજ અંતર્ગત શહેરીજનોએ મોટી સંખ્યામાં પ્રધાનમંત્રીને પત્ર પાઠવીને બ્રોડગેજની માંગ કરી
- બ્રોડગેજ રેલ્વેનાં અભાવે જિલ્લાનો સર્વાંગી વિકાસ ન થતાં જિલ્લાની સ્થિતિ આજે આર્થિક પછાત તરીકેની જ બની રહી
- અમરેલીની હેડ પોસ્ટ ઓફિસ તમામ પોસ્ટકાર્ડને ઝડપથી પ્રધાનમંત્રી કાર્યાલય સુધી પહોંચાડવામાં મદદ કરે તે જરૂરી




અમરેલી, તા. ૧

અમરેલી શહેરનાં હાર્દસમા વિસ્તાર ડો. જીવરાજ મહેતા ચોકમાં શહેરનાં જાગૃત્ત નાગરિકોએ શરૂ કરેલ ''મિશન બ્રોડગેજ'' અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પોસ્ટકાર્ડ પાઠવીને બ્રોડગેજ રેલ્વેની સુવિધા આપવાની માંગનો કાર્યક્રમ સફળ રીતે યોજાયો હતો.

અમરેલીમાં છેલ્લા એક-દોઢ મહિનાથી કોઈ પણ પ્રકારની પક્ષાપક્ષીથી દૂર રહીને સ્વયંભુ જાગૃત્ત નાગરિકો એકત્ર થયા ને રાજકીય આગેવાનો અન્ય કાર્યોમાં વ્યસ્ત હોય તેને તકલીફ આપવાને બદલે ''હૈયા બાળવા કરતા હાથ બાળવા'' કહેવતની જેમ સીધા જ પ્રધાનમંત્રી સમક્ષ બ્રોડગેજની માંગ પહોંચાડવાનો સંકલ્પ લેવાયો અને અવનવા કાર્યક્રમોની ભરમાર શરૂ થઈ. જેને શહેરનાં પ્રતિષ્ઠિત નાગરિકોએ પણ સમર્થન આપતાં સૌ કોઈના ઉત્સાહમાં વધારો થયો.


**અનુસંધાન પાના ૬ ઉપર**


## એક સમયની શાન ગણાતી સાઈકલની અવદશા



સમય સમયની વાત છે. જે સાઈકલ લઈને શાળાએ જતાં એ સમય પણ આ ક્ષણોની સાક્ષી પૂરે છે. સુખ દુઃખનાં સમયે વગર પેટ્રોલે આ દ્વિચક્રી વાહન ચાલતું. હા, થોડાં પેડલ લગાવો એટલે બેડો પાર. આજે ભંગાર જેવી હાલત જોઈને થાય છે કે સમય અને સંજોગો મુજબ વ્યકિતએ પણ પોતાની વિચારધારાને માંજવી પડે છે નહિતર કટાઈ ગયેલી આ સાઈકલની માફક ભંગાર જેવી હાલત થઈ જાય. સમય પ્રમાણે ચાલવું એ જ સૂત્રસાર છે. જનરેશન ગેપ એટલે બીજું કશું નહીં પરંતુ વિચારધારાનું કટાવું. સમય પ્રમાણે વિચારોને પણ અપડેટ કરવા એ જ સંક્ષિપ્ત સાર છે.

## શેર બજારમાં રોકાણ કરાવીને સારૂ વળતર આપવાની લાલચ આપીને

# અમરેલીમાં રહેતા અને બાબાપુર ગામે મદદનીશ શિક્ષિક તરીકે ફરજ બજાવતા મહિલા સાથે ૩૨ લાખની છેતરપીંડી

## પ્રતાપપરાનાં શિક્ષક પંકજભાઈ વઘાસિયા સહિત સામે ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૧

અમરેલી તાલુકાના બાબાપુર ગામના વતની અને હાલ અમરેલીમાં આવેલ શિવપાર્ક સોસાયટી શેરી નં. ૧ બ્લોક ૫૫/એ માં રહેતા અને મદદનિશ શિક્ષક તરીકે નોકરી કરતાં ભાવનાબેન હિતેષભાઈ જોષી નામના ૫૧ વર્ષિય મહિલાએ અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા જણાવેલ છે કે, આજથી આશરે દોઢેક વર્ષ પહેલા અમરેલીના પ્રતાપપરામાં પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા પંકજભાઈ મનસુખભાઈ વઘાસીયા રહે. બાબાપુર હાલ રહે. ચકકરગઢ રોડ, વિસ આઈકોનએ આ શિક્ષિકા બહેનનો સંપર્ક કરી RightFX નામની શેરબજારમાં સારૂ એવુ વળતર મળે તેમ છે, જેમા હું અને નિકોલ અમદાવાદ રહેતા ગૌરવ સોજીત્રા, ફુલસર કર્મચારી નગર ભાવનગરમાં રહેતા રવિરાજસિંહ દિગ્વીજયસિંહ વાઘેલા, શકિતસિંહ દિગ્વીજયસિંહ વાઘેલા, સાવરકુંડલા ગામે રહેતા કેતન વાટલીયા વિગેરે ભાગીદારો છીએ. તેમ જણાવી ઊંચું વળતર મળશે તેવી લોભ અને લાલચ આપી ભરોસો અને વિસ આપેલ. જેથી આ બહેન રોકાણ કરવા માટે સહમત થયેલ અને બહેનને ઓનલાઈન ટ્રેડીંગમાં જાણકારી ન હોય જેથી આ બહેનનું એકાઉન્ટ પણ પંકજભાઈ ઓપરેટ કરતા હતાં અને મને જણાવતા કે તમને સારૂ વળતર મળે છે. જેથી મેં પંકજભાઈ ઉપર ભરોસો અને વિસ કરેલ હતો.

બાદમાં માર્ચ ૨૦૨૨ માં રૂા. ૬,૦૦,૦૦૦ (છ લાખ) આ પંકજભાઈને તેણીના ઘેરથી રોકડા આપેલ જેના બદલામાં માર્ચ-૨૦૨૨


**અનુસંધાન પાના ૬ ઉપર**



નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 9723799091
ઉપલબ્ધ સુવિધાઓ...
• નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
• પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી)
3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધત્વની વૈજ્ઞાનિક/ આધુનિક સારવાર/IUI • ૨૪ કલાક કાર્યરત
• લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઉપલબ્ધ સુવિધાઓ...
• રસીકરણ કેન્દ્ર
• નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સંબંધીત સમસ્યાઓ
• કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨



અમરેલી ખાતે અદ્યતન કલાસરૂમ, લાયબ્રેરી, લેબોરેટરી અને હોસ્ટેલ સુવિધા સાથેની એકમાત્ર સંસ્થા
અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
મણીબા ગજેરા ઈન્સ્ટીટયુટ ઓફ નર્સીંગ - અમરેલી
એડમિશન ઓપન
A.N.M. G.N.M.
B.Sc (N) P.B.B.Sc
Admission Helpline
02792-221811, 9924220811
પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે
એડ્રેસ : વિદ્યાસભા કેમ્પસ, લાઠી રોડ, અમરેલી.
Email : manibainsitituteofnursing@gmail.com

### સભાસદો માટે ૮ ટકા ડિવિડન્ડ જાહેર કરાયું

# માહી મિલ્ક પ્રોડયુસર કંપનીની બારમી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

## રૂપિયા ૨૦.૭૨ કરોડનો નફો નોંધાયો

રાજકોટ, તા. ૧

દૂધ ઉત્પાદકોની પોતાની કંપની માહી મિલ્ક પ્રોડયુસર કંપની લિમિટેડની બારમી વાર્ષિક સાધારણ સભા તારીખ ૧લી સપ્ટેમ્બરને શુક્રવારનાં રોજ સયાજી હોટલ, કાલાવાડ રોડ, રાજકોટ ખાતે યોજાઈ હતી. વિશાળ દૂધ ઉત્પાદકોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ વાર્ષિક સાધારણ સભામાં કંપનીના ચેરમેન વિજયભાઈ ઓડેદરાએ ગત નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન કંપનીએ સાધેલા વિકાસની રૂપરેખા રજૂ કરી હતી. જયારે કંપનીના મુખ્ય કાર્યપાલક ડો. સંજય ગોવાણીએ વર્ષ દરમિયાન કંપનીએ કરેલા કાર્યોની વિગત આપી હતી.



કંપનીએ ગત વર્ષ દરમિયાન કુલ રૂપિયા ૧૭૪૭ કરોડની આવક નોંધાવી છે જયારે રૂપિયા ૨૦.૭૨ કરોડનો નફો નોંધાવ્યો છે. કંપનીએ તેના સભાસદોને ૮ ટકા ડિવિડન્ડ જાહેર કર્યુ છે. જે કંપનીની દૂધ ઉત્પાદક સભ્યો પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવે છે. બારમી વાર્ષિક સાધારણ સભા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન કરીને સભ્યોએ શિસ્તબધ્ધતાનું અનેરૂ ઉદાહરણ પુરૂ પાડયું હતું.

સાધારણ સભા પૂર્ણ થયા બાદ ૨૦૨૨–૨૩ના વર્ષ દરમિયાન કંપનીના તમામ નિયમોનું પાલન કરી વધુને વધુ દૂધ ભરાવનાર વર્ગ અ, બ અને ક ના સર્વશ્રેષ્ઠ ત્રણ ત્રણ સભ્યો મળીને કુલ નવ સભ્યોને માહી રત્ન તથા પુરક આહાર પેટે પશુઓ માટે માહીદાણનો વધુ વપરાશ કરનાર ત્રણ સભ્યોને માહીદાણ ચેમ્પિયનના એવોર્ડ આપી પુરસ્કારથી પણ નવાજવામાં આવ્યા હતા.

### ઓઈલસીડ અને ઓઈલપામ યોજના હેઠળ

# ગોઢાવદર ગામે ખેડૂત તાલીમ કાર્યક્રમનું આયોજન કરાયું



અમરેલી, તા. ૧

તા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૩નાં રોજ એનએફએસએમ (ઓઈલસીડ અને ઓઈલપામ) યોજના હેઠળ લીલીયા તાલુકાનાં ગોઢાવદર ગામે ખેડૂત તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં વૈજ્ઞાનિક એન.એમ. કાછડીયાએ તેલીબિયા પાકો તેમજ કપાસમાં આવતા રોગ જીવાત નિયંત્રણ તેમજ લાંબા ગાળા સુધી વરસાદની અછતનાં કારણે આકસ્મિક લેવાની થતી કાળજીઓ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. તેમજ આ કાર્યક્રમમાં મદદનીશ ખેતી નિયામક ડી.આર. પરમાર, ડી.એમ. નીનામા, ગુજરાત રાજય બીજ નિગમનાં અમરેલીનાં ઈન્ચાર્જ ડાંગર તેમજ બાગાયત અધિકારી અક્ષય ચૌહાણે હાજર રહી ખેડૂતોને માર્ગદર્શિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન લીલીયા તાલુકાના વિસ્તરણ અધિકારી દીપક એન. માલવીયા અને તેમની ગ્રામસેવકની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ૫૦ જેટલા ખેડૂત ભાઈઓએ ભાગ લીધેલ.

### યુવા એડવોકેટ હરનીલ ત્રિવેદીની દલીલો સફળ રહી

# લીલીયામાં બાઈક ચાલક સાથે કાર અથડાવવાનાં બનાવમાં આરોપી નિર્દોષ

## લીલીયાનાં જયુડી.મેજીસ્ટ્રેટ (ફ.ક.)એ આરોપીને નિર્દોષ ઠરાવ્યા

અમરેલી, તા. ૧

અમરેલીનાં યુવા એડવોકેટ હરનીલ ત્રિવેદીની દલીલો ધ્યાને લઈ લીલીયાનાં જયુડી.મેજી. (ફ.ક.) એમ.એમ. ગાંધીએ નિર્દોષ ઠરાવ્યા છે.

આ બનાવની વિગત જોઈએ તો તા. ૧૮/૧/૨૦૨૩ના રોજ લીલીયાથી અમરેલી જવાનાં રોડ ઉપર નીલકંઠ સરોવર પાસે દીલાવરભાઈ કાળુભાઈ મલેકનાં ભત્રીજા મતીનભાઈ પોતાનાં હવાલાવાળું હીરો હોન્ડા મોટરસાયકલ જેના નં.જીજે–૦૩–સીજી–૯૪૭૩ વાળુ લઈને જતા હતા. ત્યારે સામેથી સફેદ કલરનું હયુન્ડાઈ (આઈટેન) કાર તેના જીજે–૦૧–એએલ.૩૮૨૪ના ડ્રાઈવર કમલેશભાઈ ઈશ્વરભાઈ ખાંધલા રે. અમરેલીવાળાએ પુરપાડ ઝડપે અને બેદરકારીથી ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીનાં ભત્રીજા મતીન સાથે



અથડાવી તેનું મોત નિપજાવેલ, તે બાબતની ફરીયાદ લીલીયા પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪ (એ) તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૭૭, ૧૮૪,૧૩૪ મુજબનાં ગુન્હાની ફરીયાદ નોંધાવેલી, અને જે ફરીયાદ અનુસંધાને પોલીસે આરોપીની ધરપકડ કરી અને તપાસ કરી આ કામનાં આરોપી વિરૂધ્ધ ફરીયાદની વિગતે ચાર્જશીટ કરેલ. ત્યારબાદ આ કામનાં કેસમાં ફરીયાદ પક્ષ તરફથી પુરાવાઓ લેવામાં આવેલા અને ફરીયાદ પક્ષ તરફથી આ કામે ઘણા સાહેદોની જુબાની લેવામાં આવેલી, તથા દસ્તાવેશી પુરાવાઓ રજુ કરવામાં આવેલા, તે તમામ સાહેદોની જુબાની તથા જે દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા તે તમામ ધ્યાન લઈને ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર નહી કરી શકતા તેમજ આ કામે બચાવપક્ષ તરફે રોકાયેલ યુવા એડવોકેટ હરનીલ ત્રિવેદીની ધારદાર દલીલને ધ્યાને લઈ લીલીયાનાં જયુડી.મેજી. (ફ.ક.) એમ.એમ. ગાંધીએ આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કામે બચાવ પક્ષ તરફે યુવા એડવોકેટ હરનીલ યુ. ત્રિવેદી રોકાયેલા હતા.

### સંતોની પ્રેરક ઉપસ્થિતિમાં ભાવિકો પુણ્યનું ભાથુ બાંધશે

# બાબરાનાં સ્વામીનારાયણ મંદિરે પાંચ દિવસ શ્રીમદ્ ભાગવત્ કથાનો પ્રારંભ

## શ્રી કૃષ્ણ પ્રાગટય, રૂક્ષ્મણી વિવાહ સહિતનાં ધાર્મિક કાર્યક્રમો યોજાશે

બાબરા, તા. ૧

ગઢપુર શ્રી ગોપીનાથજી મંદિર તાબાનાં બાબરા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા.૧/૯/૨૩ થી ૫/૯/૨૩ સુધી વડતાલધામ દ્રીશતાબ્ધી મહોત્સવનાં ઉપક્રમે શ્રીમદ્ ભાગવત કથા પાંચ દીવસનું ભવ્ય આયોજન રાખવામાં આવ્યું છે. જેમાં અહીં બપોરે ભવ્ય અને દિવ્ય પોથીયાત્રા નીકળી હતી જેમાં સાધુ સંતો અને મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. અહીં સ્વામિનારાયણ મંદિર ખાતે આયોજિત શ્રીમદ્ ભાગવત કથામાં વિવિધ જન્મોત્સવ તેમજ ધાર્મિક પ્રસંગોની દિવ્ય ઉજવણી કરાશે. જેમાં શ્રી કૃષ્ણ પ્રાગટય તેમજ તા. ૪ ની રાત્રે શ્રી રૂક્ષ્મણી વિવાહ પ્રસંગ ઉજવાશે. કથા આયોજક કમિટીનાં જણાવ્યા મુજબ બપોરે ૩:૩૦ થી ૬:૩૦ અને રાત્રે ૮ થી ૧૦:૩૦ સુધી પૂજય શાસ્ત્રી હરીસ્વરૂપદાસજી દ્વારા વ્યાસપીઠ ઉપરથી કથા જ્ઞાન પીરસવામાં આવશે. આ તકે દેશ દેશાવરમાંથી સંતો પધારશે. મંદિર મહોત્સવનાં આયોજન શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીનાં જણાવ્યા મુજબ બાબરાનાં આંગણે મહોત્સવ દરમ્યાન અનેક સંતો સ્વામિનારાયણ મંદિરોનાં સ્વામીઓ તથા સેવકો હરિભકતો પધારશે અને ધાર્મિક કાર્યોને વેગ આપશે. સૌ કોઈ ધર્મપ્રેમી જનતાને પધારવા અને દર્શન પ્રસાદ, કથા શ્રવણ સહિતનો ધર્મ લાભ લેવા જાહેર નિમંત્રણ આપવામાં આવ્યું છે.




### જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું

# અમરેલીની ઓકસફર્ડ સ્કૂલની બે વિદ્યાર્થીઓ U-17 સ્કેટીંગ સ્પર્ધામાં અગ્રેસર

## ઈશ્વા માંગરોળીયા અને ધ્રુવિલ વામજાએ ગૌરવ વધાર્યુ

અમરેલી, તા. ૩૧

અમરેલી ખાતે યોજાયેલ અન્ડર–૧૭ સ્કેટીંગ સ્પર્ધામાં ૫૦૦ મીટર અને ૧૦૦૦ મીટર બંનેમાં બહેનો વિભાગમાં ઓકસફર્ડ સ્કૂલમાં ધો.૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની માંગરોળીયા ઈશ્વા સંજયભાઈએ અમરેલી જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. સાથે સાથે ભાઈઓ વિભાગમાં ઓકસફર્ડ સ્કૂલમાં ધો.૧૦ માં અભ્યાસ કરતાં વામજા ધ્રુવિલ હરેશભાઈએ ૫૦૦ મી.માં અમરેલી જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવેલ છે. ઉપરોકત સિધ્ધિ માટે



બંને વિદ્યાર્થીઓને શાળા પરિવાર અભિનંદન પાઠવે છે.

# રાજુલાની મહિલા કોલેજમાં રક્ષાબંધન પર્વની ઉજવણી



રાજુલા, તા. ૧

શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા કોલેજ રાજુલા ખાતે તા. ૨૬/૮/૨૩ શનિવારનાં રોજ એન.એસ.એસ.ના સ્વયસેવિકા બહેનો દ્વારા રક્ષાબંધન પર્વની ધામધુમપુર્વક ઉજવણી કરવામાં આવી. જેમાં પોલીસ સબ ઈન્સ્પેકટર જી.જે.જાડેજા તથા સ્ટાફનાં પોલીસ કર્મી ભાઈઓ તથા બહેનોને રક્ષા સુત્ર બાંધી તેમનાં દીર્ઘાયુષ્ય આરોગ્ય માટેની શુભેચ્છાઓ પાઠવેલ. આ તકે જાડેજાએ સ્વયંસેવિકા બહેનોને શુભ સંદેશ આપેલ. ત્યારબાદ સ્વયંસેવિકા બહેનોએ ધારાસભ્યના પી.એસ.લાલાભાઈને રાખડી બાંધી એમનાં દીર્ઘાયુષ્યની કામનાં કરેલ. આ તકે સંસ્થાનાં કેમ્પસ ડાયરેકટર ડો.જીગ્નેશભાઈ વાજા, સિક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, પ્રિન્સિપાલ ડો.રીટાબેન રાવળએ સ્વયંસેવિકા બહેનોને અભિનંદન પાઠવેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટો એન.એસ.એસ. પ્રોગ્રામ પ્રા.જાગૃતીબેન તેરૈયા અને પ્રા.સોનલબેન ઝાંપડીયાએ જહેમત ઉઠાવેલ.

# વાંકીયા ગામે ફાયરીંગ બટ આસપાસનાં વિસ્તારમાં અવરજવર પર પ્રતિબંધ

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લાનાં બાબરા તાલુકનાં વાંકીયા ગામે સરકારી પડતર જમીન રે.સ.નં. ૬૦૧ પર આવેલા ફાયરીંગ બટ ખાતે આગામી તા. ૩૧ ઓકટોબર ૨૦૨૩ સુધી અમરેલી જિલ્લા ખાતે તાલીમ લઈ રહેલા ૧૩ બિન હથિયારી લોકરક્ષાક તાલીમાર્થીઓની ફાયરીંગ પ્રેકટીસ થઈ રહી છે.

આ સ્થિતિમાં ફાયરીંગ પ્રેકટીસનાં સમયગાળા દરમિયાન તકેદારીનાં ભાગરૂપે અધિક મેજીસ્ટ્રેટ, આર.બી.વાળાએ તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૩ થી તા. ૩૧ ઓકટોબર, ૨૦૨૩ સુધી ફાયરીંગ બટ માટે મુકરર થયેલી જગ્યામાં તાર ફેન્સીંગ કરી તેની બાહ્ય સીમા નક્કી કરાયેલી. તેની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરનાં અંતર સુધી તમામ રાહદારીઓની અવર જવર પર પ્રવેશબંધી ફરમાવી છે. આ હુકમનો ભંગ કરનાર વિરૂદ્ધ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૧ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી થશે.


### પાલીકા પ્રમુખ અને ચીફ ઓફિસરને રજૂઆત

# બાબરાનાં વિવિધ વિસ્તારોનાં માર્ગોની યુધ્ધનાં ધોરણે મરામત કરો

## ચેમ્બરનાં પ્રમુખ મુનાભાઈ મલકાણની માંગ

બાબરા, તા. ૧

બાબરામાં ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ મુનાભાઈ મલકાણ દ્વારા પાલિકા કચેરીમાં ચીફ ઓફિસર અને પ્રમુખને પત્ર પાઠવી લેખિતમાં રજૂઆત કરેલ છે કે શહેરનાં અલગ અલગ વિસ્તારમાં રોડ–રસ્તા નબળા પડતા ત્વરિત મરામતની કામગીરી કરવામાં આવે. જેથી શહેરનાં રાહદારીઓ અને વેપારીઓની મુશ્કેલીઓમાં રાહત થાય ચેમ્બરનાં પ્રમુખ મુનાભાઈ મલકાણ દ્વારા જણાવ્યું હતું કે બાબરા બુધવારીનાં પુલને અડીને આવેલ ખરાબ રોડને રોડ રીફેસીંગમાં



(નવો) કરવા તેમજ બાબરા નાગરીક બેંક ચોકમાં રોડ રીપેરીંગ કરવા તેમજ પંચનાથ કોમ્પલેક્ષ અને હસુભાઈ કોમ્પલેક્ષ વચ્ચેની ગલીમાં પેવર બ્લોક સહિતની કામગીરી શહેરનાં લોકોનાં હિત માટે કરવા જણાવ્યું છે. બાબરા શહેરમાં બુધવારીનાં પુલને અડીને આશરે ૩૦૦ ફૂટ જેટલો કટકો સી.સી.રોડમાં બાકી રહી ગયેલ હોય ત્યારબાદ બાબરાની મુખ્ય ઉભી બજારમાં સી.સી.રોડ થયેલ છે. જેથી આ બાકી રહેલ ૩૦૦ ફૂટ રોડ ખૂબ જ ખરાબ હાલતમાં આવેલ હોય અને લોકોને ચાલવામાં તકલીફ પડતી હોય. આ રોડ ઉપર ખાડા પડી ગયેલ હોય જેથી બુધવારી પુલનો નવો સી.સી.રોડ બનાવવા તેમજ બાબરા નાગરીક બેંક ચોકમાં ટુંક સમય પહેલા જ સી.સી.રોડ એજન્સી દ્વારા બનાવવામાં આવેલ હતો. આ નાગરીક બેંક ચોકનો નવો રોડ અતી ખરાબ હાલતમાં બની ગયેલ હોય તે રોડ જે તે એજન્સી પાસે નવો બનાવવા માટે આપની કક્ષાએથી કાર્યવાહી કરવા અને તાત્કાલીકના ધોરણે આ નાગરીક બેંક ચોકનાં રોડનું કામ ચાલુ કરાવવામાં આવે તેમજ બાબરા પંચનાથ કોમ્પેલક્ષ અને હસુભાઈ કોમ્પેલક્ષની વચ્ચે આવેલ ગલીમાં નરપાલિકા દ્વારા લોકોની સુવિધાઓ માટે નવા પેવર બ્લોક નાખવા અમારી ઉપરોકત લેખીતમાં રજૂઆત કરવામાં આવે છે જેથી બાબરા શહેરના લોકોને પુરતી સુવિધાઓ આપવા સ્થાનિક સંસ્થાનું પ્રથમ અભિગમ રહેવુ જોઈએ જેથી ઉપરોકત રજૂઆત ધ્યાને લઈ આગળ ની કાર્યવાહી કરવા અમારી માંગ છે. તેવું અંતમાં જણાવ્યું છે.

# સા.કુંડલા : બામટા પરિવારનું ગૌરવ



સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા મુકામે શિક્ષક તરીકે ફરજ નિભાવતા ઉષાબેન બામટાએ છેલ્લા નવ વર્ષથી મદદનીશ શિક્ષક તરીકે જે.વી.મોદી હાઈસ્કૂલમાં ફરજ બજાવતા હતા. જેવો આજે પ્રમોશન મળતા હાલ એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કુલમાં પ્રિન્સિપાલ તરીકે કાયમી નિમણૂક થતા સમસ્ત રાજગોર સમાજ તેમજ બામટા પરિવારનું ગૌરવ વધારેલ છે. જયારે આ તકે ઉષાબેને ચાર્જ સંભાળતા મેનેજિંગ ટ્રસ્ટી જેન્તીભાઈ વાટલીયા, કનુભાઈ ગેડિયા, વિનુભાઈ રાવળ, જનકભાઈ ઉપાધ્યાય, કાણકીયા કોલેજનાં પ્રિન્સિપાલ શૈલેષભાઈ રવૈયા, રાજગોર સમાજનાં પ્રમુખ અશોકભાઈ તથા આશિષભાઈ તેમજ આ સ્કુલનાં સ્ટાફગણે આવકાર કરીને ફૂલહાર તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતુ.

# પાળિયાદ ખાતે વિહળધામમાં "નક્ષત્ર વન"માં અમરેલીનાં શેખવા પરિવારનાં હસ્તે દેવવૃક્ષનું રોપણ કરાયું



પૂજય શ્રી વિસામણબાપુની જગ્યા વિહળધામ પાળીયાદ ખાતે નવનિર્માણ થતાં નક્ષત્ર વન ખાતે રાશિ અને નક્ષત્ર પ્રમાણે વિધિવિધાનથી આંબો દેવવૃક્ષનું રોપણ અમરેલી નગરપાલિકા કારોબારી ચેરમેન સુરેશભાઈ લખુભાઈ શેખવા તેમજ સહ પરીવારનાં હસ્તે વાવવામાં આવેલ. આ નક્ષત્ર વનમાં જે કોઈ સેવકનો જન્મ તારીખ જન્મ સમય અને જન્મના સ્થળ પ્રમાણે મુરત તારીખ અને એના નક્ષત્ર મુજબ વૃક્ષારોપણ કરાવવામાં આવે છે તેમજ તમામ યજમાનોને બ્રાહ્મણ દ્વારા મંત્રો અને વિધિવિધાન સાથે વૃક્ષારોપણ કરાવવામાં આવે છે તેમજ આ તકે યજમાનોને આશીર્વાદ આપવા જગ્યાનાં મહંત પરમ પૂજય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળાબા ઉનડબાપુ તેમજ સંચાલક પૂજય ભયલુબાપુ હાજર રહે છે અને એમના હસ્તે સર્ટીફિકેટ પણ આપવામાં આવે છે. સ્વ. નાગબાપુ શેખવાનો પરીવાર અને ત્યારબાદ લખુભાઈ નાગબાપુ કે જે આજે ચાર પેઢીથી જગ્યાનાં સેવક અને ભકત છે આ પરીવાર પર વિહળાનાથની અસીમ કૃપા વરસી છે અને પરીવારને પણ ખુબ અપાર શ્રદ્ધા જોડાયેલી છે આ પરીવારનાં સેવક લખુભાઈ નાગભાઈ શેખવાનાં દીકરા સુરેશભાઈ શેખવા દર મહિનાની બીજી તારીખે પાળીયાદ જગ્યામાં અચૂક માનતા ટેકનાં કારણે દર્શન કરવા જાય છે પછી શિયાળો હોય, ઉનાળો હોય કે ચોમાસુ હોય રાત હોય કે દિવસ પણ સતત દસ વર્ષથી વધુ સમયથી એકજધારા ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકાર અને ઠાકર શ્રી વિહળ નાથનાં દર્શને જાય છે. સુરેશભાઈ શેખવાનાં હસ્તે નક્ષત્ર વનમાં જે આંબો દેવવૃક્ષનું રોપણ કરવામાં આવેલ જેની કાયમી યાદી એમના માટે તેમજ પરીવાર માટે રહેશે એ બાબતે ખુબ ખુશી અને રાજીપો વ્યકત કરેલ હતો અને ગૌસેવા માટે જગ્યાની બણકલ ગૌશાળામાં ગાયોને લાપસી જમાડવા રૂપિયા ૨૧૦૦૦નું યોગદાન આપેલ હતું અને પોતાના અને પરીવારના હસ્તે લાપસી પીરસી ગાય માતાનાં આશીર્વાદ પણ લીધેલ હતાં.

## કમળ છાપ બે અને એક પંજા છાપ લોકમેળો યોજાશે

# સાવરકુંડલામાં જન્માષ્ટમીનાં ''લોકમેળા'' નાં આયોજનમાં સ્પર્ધા

**રાજકીય પક્ષોમાં ચાલતી જુથબંધીનું સ્વરૂપ જાહેર કાર્યક્રમો સામે આવી રહ્યું છે**

**જો કે લોકશાહીમાં મતભેદ હોય તે પણ એક તંદુરસ્તી સાબિત કરતી હોય છે**

**જાહેર જીવન જીવતા આગેવાનોએ મતભેદ મનભેદમાં ન બદલાઈ તેની સાવચેતી રાખવી જોઈએ**

**જો કે શહેરીજનોને તો જન્માષ્ટમીમાં જુદા-જુદા ત્રણ લોકમેળાનો આનંદ માણવાની મજા આવશે**










**(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૧

જન્માષ્ટમી પર્વ નિમિત્તે સારાએ કાઠીયાવાડમાં લોકમેળાની સંસ્કૃતિ ગામે ગામ જોવા મળે છે. રંગબેરંગી વિવિધતાથી ભરપૂર લોકમેળાઓ લોક ઉત્સવને માણવા હર્ષોલ્લાસથી ઉજવવામાં આવે છે.પરંતુ સાવરકુંડલા શહેરમાં લોકમેળાઓને લાગી ગયો છે રાજકીય રંગ.

મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસના સ્થાનિક કાર્યકરોમાં જાણે શીત યુદ્ધ ખેલાઈ રહ્યું હોય એવા એંધાણ છે અને કયારે આ શિતયુદ્ધ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે એ પણ કહેવાય નહીં. એકાદ લાખની વસ્તીવાળા આ શહેરમાં ત્રણ ત્રણ લોક મેળાઓ યોજાઈ રહ્યા છે. જેમાં બે લોકમેળા ભાજપ પ્રેરિત છે અને એક લોક મેળો કોંગ્રેસ પ્રેરિત છે. ભારતીય જનતા પાર્ટીમાં સ્થાનિક લેવલે બે-ત્રણ ગ્રુપ છે એટલે ભાજપના જ બે ગ્રુપો સામસામે પોતાની તાકાત બતાવવાની હોડમાં પોતપોતાના અલગ અલગ લોકમેળાઓના આયોજન કર્યા છે. જેમાં એક માજી નગરસેવકનો લોકમેળો છે જે હંમેશા હાથસણી રોડ ઉપર જ આવેલ હોય છે અને તેની સામે બાંયો ચડાવી છે કોંગ્રેસના એકલવીર ચાલુ નગરસેવકે, જેણે પણ પોતાનો અલગ લોકમેળો હાથસણી રોડ પાસે જ આવેલ કોલેજના ગ્રાઉન્ડમાં યોજયો છે. વળી આ બંને મહાનુભાવો ક્ષત્રિય સમાજમાંથી જ આવે છે અને ચૂંટણી પણ સામસામે લડી ચૂકયા છે. ત્રીજો લોકમેળો યોજાઈ રહ્યો છે, મહુવા રોડ ઉપર જે ભાજપના જ બીજા એક ગ્રુપ દ્વારા યોજાય રહ્યો છે. છેલ્લા બે-ત્રણ મહિનાથી આ ત્રણેય જૂથો વચ્ચે મેળાની જગ્યા બુક કરી લેવા માટે જબરજસ્ત કાવા દાવા અને એમાં પણ સામ, દામ, દંડ અને ભેદની નીતિઓ અપનાવી પોતાનું મનપસંદ મેદાન પસંદ કરવા ખૂબ જ જહેમત ઉઠાવી હતી. સરવાળે સાવરકુંડલામાં લોકમેળા માટે સૌથી વધુ હોટ ફેવરિટ હાથસણી રોડ ઉપર આવેલ આંખની હોસ્પિટલનું ગ્રાઉન્ડ કોને આપવું તેવા ધર્મ સંકટમાં ટ્રસ્ટીઓ પણ મુંજાણા. છેવટે ટ્રસ્ટીઓએ પોતાનું ગ્રાઉન્ડ કોઈને પણ ન આપવું એવું નક્કી કર્યુ. જેનાથી ખરેખર જે લોકમેળા માટે યોગ્ય જગ્યા છે, તે તમામ રીતે સલામતીવાળી જગ્યા અત્યારે બિન ઉપયોગી પડી રહેશે.

હવે જો લોકમેળામાં પ્રવેશ ટિકિટ, પાર્કિંગ ટિકિટ, વિવિધ રાઈડોના ભાવમાં જો હરીફાઈમાં આ ત્રણેય ગ્રુપો ઉતરી આવશે તો સરવાળે આ વખતે સાવરકુંડલા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારની જનતાને આર્થિક રીતે ખૂબ મોટો લાભ થવાની શકયતા છે.

પરંતુ સાવરકુંડલાની શાંતિપ્રિય જનતા એવું અંતરથી ઈચ્છી રહી છે કે આ તહેવારોના દિવસોમાં આ ગ્રુપો વચ્ચે જે શીતયુદ્ધ ચાલી રહ્યું છે તે વધુ આગળ ન વધે અને લોકો મોજ મજાથી આ તહેવારોના દિવસો પોતાના પરિવાર સાથે માણી શકે.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું મહત્વનું સુચન

# સા.કુંડલા : ''વન નેશન વન ઈલેકશન''નાં નિર્ણયને આવકારતાં સુરેશ પાનસુરીયા

**વન ઈલેકશનથી દેશનાં વિકાસને વેગ મળશે**

અમરેલી, તા. ૧

વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ, નરેન્દ્ર મોદી દ્વારા વન નેશન વન ઈલેકશન માટે, કમિટીની રચના કરવામાં આવશે. અને પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજીની અધ્યક્ષતામાં, એક કમિટી રચવામાં આવશે, વન નેશન વન ઈલેકશન નાં આ વિચારને દેશના વિકાસ માટે ખુબજ જરૂરી છે. ત્યારે આ ઐતિહાસિક નિર્ણયને આવકારતા અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે પ્રધાનમંત્રીના ઐતિહાસિક નિર્ણયનાં કારણે દેશના વિકાસને વધારે વેગ મળશે, અને ચૂંટણીમાં થતા ખર્ચના





હિસાબે દેશને આર્થિક ઘણો ફાયદો થશે. સમયનો સદુપયોગ થશે, અને આચાર સંહિતાનાં કારણે ઘણી યોજનાઓ અને વિકાસ કાર્યોમાં જે સમયનો વિલંબ થતો હતો, તે સમય ઘણો ઓછો બગડશે, અને દેશના વિકાસની રફતાર વધુ તેજ બનશે, એવું સુરેશ પાનસુરીયા દ્વારા જણાવવામાં આવ્યું હતું અને પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં આ ઐતિહાસિક નિર્ણયને અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયાએ આવકાર્યો હતો.

# બાબરા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં ખજાનચી તરીકે જીતુભાઈ તળાવિયાની નિમણુંક કરવામાં આવી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧

બાબરા તાલુકામાં ગળ કોટડી પ્રાથમિક શાળાનાં કર્મઠ, નિષ્ઠાવાન અને ઉત્સાહી શિક્ષક જીતુભાઈ કે. તળાવિયાની ખજાનચી તરીકે નિમણુંક કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, બાબરા તાલુકા પ્રાથમિક શિક્ષક ઘટક સંઘ, ગુજરાત રાજય સંઘની આગેવાની તળે સફળતાપૂર્વક કાર્યરત છે. ત્યારે આવા સક્રીય સંઘના ખજાનચી તરીકે મહત્વની જવાબદારી જીતુભાઈ તળાવિયાને સોંપાતા ઘટક સંઘનાં પ્રમુખ અજયભાઈ હુદડ તથા તમામ કારોબારી સભ્યો, જીલ્લા સંઘનાં હોદ્દેદારો, તમામ પે. સેન્ટર આચાર્યો, તાલુકાભરનાં તમામ શિક્ષકગણ, ગળકોટડી શાળા પરિવાર સહુએ હૃદયપૂર્વકનાં અભિનંદન આપ્યા હતા. આગામી દિવસોમાં જીતુભાઈ તળાવિયા ખૂબ મહત્વની જવાબદારીઓ નિભાવવા જઈ રહ્યાં છે. ત્યારે સહુએ અભિનંદન સહ શુભકામનાઓ પાઠવેલ.

# લીલીયાનાં શિક્ષક દ્વારા બાળ સંસદની ચૂંટણી યોજાઈ



લીલીયા, તા. ૧

લીલીયા કન્યાશાળાના સામાજિક વિજ્ઞાનના શિક્ષક અશરફભાઈ કાજી દ્વારા સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ સ્થાનિક સરકાર, રાજય સરકાર, સંસદ અને કાયદો જેવા પાઠની સમજ અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની સમજ વિદ્યાર્થીઓને બાળ સંસદની ચૂંટણી શાળામાં કરાવીને આપવામાં આવી હતી.

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના
પંચાગ
આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




શ્રાવણ માસ નિમિતે ફરાળી વાનગીઓ
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ।મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫









# વાર્તા–વૈભવ

## ત્રણ પિયર !

### – ગિરિમા ધારેખાન



ગિરિમા ધારેખાન

જન્મ : તા. ૨૮–૨–૫૫,
અભ્યાસ : એમ.એ.બી.એડ્. અંગ્રેજી.
૧૫ પુસ્તકો છપાયેલ છે.
અસંખ્ય ઈનામો, પુરસ્કાર મળે છે.
સાહિત્ય ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરેલ છે.
સિદ્ધહસ્ત લેખિકાની કલમે લખાયેલ ટૂંકી વાર્તા ''ત્રણ પિયર'' પ્રસ્તુત છે.

:: ત્રણ પિયર ! ::

ઘરને તાળું મારતી જ હતી ત્યાં પાછળથી એક પરિચિત અવાજ સંભળાયો, 'દીદી, બહાર જવાનું મોડું ન થતું હોય તો થોડી વાર આવીએ ?'' મેં હસીને પાછળ જોયું તો બેલા ! એની સાથે એક અજાણી યુવતી પણ હતી. મેં કહયું, 'અરે, આવ–આવ. થોડીવાર શું કામ ? આરામથી બેસીએ. હું તો અમસ્તી બહાર આંટો મારવા જ નીકળતી હતી.'

ઘરમાં દાખલ થતા જ બેલાએ કહયું, 'દીદી, આ મેઘા છે. મેઘા દેસાઈ, આપણા ગુજરાતી સમાજમાં હમણાં જે પેલા તુષારભાઈ જોડાયા છે એમના વાઈફને મેઘા આ અમારા બધાના દીદી છે. અહીં ઘણા વર્ષોથી સમાજની ઘણીબધી પ્રવૃતિઓ કરે છે. યોગ શીખવે છે. બાળકોને ગુજરાતી શીખવે છે. સંસ્કૃત સ્તોત્ર શિખવાડે છે. રાસ–ગરબા કરાવે છે અને બીજું ઘણું બધું, બેંગાલુરુમાં જે નવાં ગુજરાતી આવે એ બધાંને, દીદી જે જોઈએ એ મદદ કરે અને...' 'બસ, બસ બેલા,' મેં થોડા સંકોચ સાથે કહયું, 'સારું મેઘા, હવે તો તું અહીં જ છે ને એટલે બાકીનો પરિચય તને આપોઆપ થઈ જ જશે.'

મેઘા સહેજ નીચે ઝુકીને મને પગે લાગી. હવે મેં એને બરાબર જોઇ–પાતળુ પણ સુડોળ શરીર. ઘઉંવર્ણો ચમકતો વાન, મોટી પાંપણોવાળી–'મીનાક્ષી' નામ પાડવાનું મન થાય એવી સુંદર આંખો અને મોંની નમણાશ એટલી નીતરે કે નીચે ખોબો ધરીને ઝીલી લેવાનું મન થાય.

'બોલ, કયાંથી આજે અચાનક આવવું થયું ?' મેં એ લોકો સામે પાણીના ગ્લાસ ધરતાં બેલાને પૂછયું.''દીદી, મેઘા રાજકોટથી આવી છે. એના બે બાળકોને સ્કૂલનું વર્ષ પુરું કરાવવા એ ત્યાં જ રહેલી, તુષારભાઈ પહેલાં એકલા જ આવેલા. મારી સામેનો જ ફ્લેટ ભાડે રાખ્યો છે.' બેલાએ મેઘાની પૂર્વ ભૂમિકા આપી, પણ એના ઉપરથી મને મારું શું કામ હશે એનો અંદાજ ન આવ્યો. 'સારું, સરસ. તને સારી કંપની રહેશે. 'દીદી, મેઘાની માલવ સાતમામાં છે અને તોરલ છઠ્ઠામાં. સ્કૂલમાં એડમિશન લઈ લીધું છે. આમ તો બંને હોશિયાર છે, રાજકોટમાં ઈંગ્લિશ મીડિયમમાં જ હતા, પણ અહીંયા ઈંગ્લિશમાં થોડીક તકલીફ પડે છે, ઉચ્ચારો પણ બરાબર સમજાતા નથી, તમે જો થોડો વખત એમને મદદ કરી શકો તો બંનેને સ્કૂલમાં વાંધો ન આવે.'

મારા બંને છોકરાઓ તો ભણીગણીને પરદેશમાં સેટલ થઈ ગયા હતા અને પતિદેવ ઓફિસના કામમાં ખાસ્સા બિઝી રહેતા. એટલે મારી પાસે સારો એવો ફાજલ સમય રહેતો. હું આવી રીતે ગુજરાતથી આવેલા ઘણા બાળકોને મદદ કરતી હતી. ત્રણ–ચાર મહિનામાં તો એમની ગાડી પાટે ચડી જતી અને મને કંઈક સારું કર્યાનો આનંદ–સંતોષ મળતો.

મેં હા પાડી, દિવસ–સમય બધું નકકી થઈ ગયું અને માલવ અને તોરલને લેવા–મૂકવા આવતી મેઘા સાથે પણ મારે ઘરોબો થઈ ગયો. તોરલ બિલકુલ મેઘાની પ્રતિકૃતિ અને માલવ આબેહૂબ એના પપ્પા જેવો, બંને બાળકો હોંશિયાર હતા. થોડા વખતમાં તો તૈયાર થઈ ગયાં. પછી તો મેઘા પણ બેંગાલુરુના ગુજરાતી સમાજની અનેકવિધ પ્રવૃત્તિઓમાં જોડાઈ ગઈ અને રહેતાં–રહેતાં મારા જમણા હાથ જેવી બની ગઈ.

મેઘા અને તુષાર સાથેનો પરિચય જેમ જેમ વધતો ગયો તેમ તેમ એમના માટેનું માન પણ વધતુ ગયું. એક નર્યુ આદર્શ યુગલ. એમની આંખોમાં, બોલચાલમાં એકબીજા માટે અઢળક પ્રેમ છલકાય, પણ ઘણાં યુગલોમાં હોય છે ઘેલછાભર્યો પ્રેમ નહીં, પરસ્પર સન્માન ધરાવતો પ્રેમ ! વગર બોલે એકબીજાંની વાત સમજી જવાની કંઈક આંતરિક શકિત બંનેએ કેળવી લીધી હોય એવું લાગે. બંને છોકરાં પણ એટલા જ ડહ્યાં. દરેક જગ્યાએ હોય છે એમ તોરલ તુષારની આગળ –પાછળ ફરે અને માલવ 'મમ્મી–મમ્મી'નું રટણ કર્યા કરે. માલવ આ ઉપરનાં છોકરાઓ હોય એમ થોડો ચંચળ ખરો, પણ મમ્મીનો બોલ ન ઉથાપે, મેઘાનું પણ 'મારો માલવ, મારો માલવ' કહેતા મોં ન સૂકાય. આ પ્રેમથી હર્યાભર્યા કુટુંબને જોઈને મને અમારાં છોકરાઓનું બાળપણ યાદ આવી જતું.

એ દિવસે રવિવાર હતો. આમ તો ભાદરવો મહિનો ચાલતો હતો પણ આગલા દિવસે બેંગાલુરુમાં ખૂબ વરસાદ પડયો હતો. અમુક વિસ્તારોમાં પાણી પણ ભરાઈ ગયા હતાં. એટલે અમે રવિવારની સવારનો ગુજરાતી ભાષાનો વર્ગ બંધ રાખ્યો હતો.પતિદેવ એમની ઓફિસના કામે મુંબઈ ગયેલા હતા. એટલે હું તો શાંતિથી પરવારતી હતી. ત્યાં જ મેઘાનો ફોન આવ્યો. 'દીદી, ફ્રી છો ?' 'હા, કેમ ? કામ છે કંઈ ?' મને હતું કે માલવ–તોરલને ભણવા મોકલવા હશે. એને બદલે એણે તો કહયું –

'દીદી, એકાદ કલાક પછી મારે ઘરે આવી શકશો ?'

એને ઓંચિતું શું કામ પડયું. (ક્રમશઃ)

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એક્સપ્રેસ

▪ ઉખાણા ▪ બાળવાર્તા ▪ જોડકણા ▪ બાલગીત ▪ જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

# અમરેલીનું યાદગાર સંભારણું

(ગયા અંકનું ચાલુ)

પછીની હરોળમાં બહારથી પધારેલા મહાનુભાવો, સાહિત્યકારો અને સાહિત્યરસિકો તેમજ અમરેલી સમસ્તનાં હજારો પ્રજાજનો શોભાયાત્રામાં જોડાયેલા હતાં, જેમાં કવિશ્રી રમેશ પારેખ પણ પગપાળા સામેલ હતા. તે પછી ચાલતી પુષ્પોથી સજાવેલી ૬ પૈડાની બગીમાં રેશમી લાલ કપડામાં બાંધેલા ગ્રંથ 'છ અક્ષર'નું નામ દબદબાપુર્વક અમરેલીની પ્રજાનો સત્કાર ઝીલી રહયો હતો.

પગલે પગલે શોભાયાત્રા રોકવી પડતી હતી કારણ કે શોભાયાત્રામાં લોકો ઉમેરાતા જતા હતા અને ઘરો અને દુકાનોમાંથી લોકો બહાર નીકળી ગ્રંથ પર પુષ્પવૃષ્ટિ અને કવિને હારતોરા કર્યે જતા હતા.

પાટણમાં સદીઓ પહેલા સિદ્ધરાજ જયસિંહનાં સમયમાં આચાર્ય હેમચન્દ્રકૃત વ્યાકરણ ગ્રંથ' સિદ્ધહેમ'ની શોભાયાત્રા નીકળી હતી. પરંતુ તે તો રાજા દ્વારા યોજાયેલી. સર્વપ્રથમવાર જ લોકો દ્વારા યોજાયેલી 'છ અક્ષરનું નામ'ની કવિતાની શોભાયાત્રા ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં અદ્વિતીય છે અને ચિરકાળ યાદ રહેશે.

જાત અટકી તો ય ના
અટકી પીડાની જાતરા,
જો અમે પથ્થર થયા તો
ટાંકણા સામા મળ્યાં.

કવિશ્રી રમેશ પારેખનાં બાવનમાં જન્મદિવસનો પ્રારંભ થયો કવિશ્રીની કવિતા વિષેના પરિસંવાદથી ૨૭ નવેમ્બર,૧૯૯૧ સવારે ૯–૩૦ કલાકે 'સોનલ, તારો દેશ'માં આ પરિસંવાદનું અધ્યક્ષસ્થાન શ્રી ચન્દ્રકાન્ત શેઠે સંભાળ્યુ. અધ્યક્ષરીનો પરિચય કરાવ્યો શ્રી શૈલેષ ટેવાણીએ.

પરિસંવાદનો પ્રારંભ કવિશ્રી હર્ષદ ચંદારાણાએ શ્રી રમેશ પારેખની ગઝલો વિષેનાં પોતાનાં



'છ અક્ષરનું નામ'ની શોભાયાત્રા

વકતવ્યથી કર્યો. તેમણે કહયું કે, 'રમેશ પારેખ બહુધા' ગીતોથી વધુ ઓળખાય છે પણ ગઝલને આ કવિએ ખુબ સારી રીતે ખેડી છે તેથી ગઝલ વગરનાં રમેશની વાત તે 'ર' વગરનાં 'મેશ'ની વાત છે. રમેશની ગઝલોને તેની ઉચ્ચ

કવિ રમેશ ઈશ્વર સાથે'ડાયરેકટ ડાયલિંગ' ધરાવે છે. ઈશ્વર સાથે તેમનો સાક્ષાત્કાર થયો છે. ઠાકોરજીનો અનુગ્રહ, વાયા મીરાં, થયો છે. તેમનાં ગીતોમાં પ્રાસનો અદભૂત કીમિયો છે. ઉર્મિ,

## ભાતીગળ સૌરાષ્ટ્ર

ગીત–કવિ–પ્રતિભાનો લાભ જરૂર મળ્યો છે. સાથોસાથ રમેશની ગઝલમાં ભાષાની સરળતા, છંદની પ્રવાહિતા અને શે'રિયત પણ ભારોભાર છે. 'અનેક ઉદાહરણ સાથે રમેશની ગઝલમાં હર્ષ અને પીડાની સહજ અભિવ્યકિતની વાત પણ તેમણે કરી અને ઉમેર્યુ કે, તેની સાદગી ગમતીલી છે. ગુજરાતી ગઝલોમાં રમેશે તેનું સ્થાન અગલ અને ચિરંજીવ બનાવ્યું છે.

જામનગરના પ્રાધ્યાપક અને અભ્યાસી શ્રી લાભશંકર પુરોહિતે ર.પા.નાં ગીતને કીર્તિ તરીકે ઓળખાવ્યા હતા. ।તેમણે ઉમેર્યુ કે, ગીતનાં ઈતિહાસમાં વળાંકની દષ્ટિએ બે ધારા છે. એક નરસિંહથી રમેશ સુધી અને બીજી રમેશથી આજ પર્યંત. શ્રી પુરોહિતે કહયું કે, 'આપણે ત્યાં લોટમાં લીટા તાણવાની જેમ ગીતો લખાયાં છે તે પરિસ્થિતિમાં રમેશે ગીતની કાયાપલટ કરી છે. એટલું જ ગીતનાં સ્વરૂપ પરિવર્તનનો ફાળો એનો જ છે. ગીતમાં કવિ આપણને સર્વાધિક મળે છે. ગદ્યની સીધી સપાટી પરની ઉકિતને તે લયનો ટેકો આપે એ લાજવાબ છે.

રંગદર્શિતા સાથે આધુનિક સંવેદના પણ છે. રમેશને પ્રાસ જીભવગા છે.બહુ ઓછા કવિઓમાં આવું જોવા મળે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, સારસ્વત પરિવાર એકત્રિત થયો છે. તેનું નિમિત્તે હું બન્યો છું તેનો મને આનંદ છે. સાચુ કહો તો નિમિત તો કવિતાનો શબ્દ છે. અહીં શબ્દબ્રહ્મનું ગૌરવ થઈ રહયું છે અને આપણે સૌ સાક્ષી થયા છીએ. 'છ' અક્ષરનું નામ 'ગ્રંથની વાત કરતાં તેમણે જણાવ્યું કે આમાંની ઘણી રચનાઓ કાલગ્રસ્ત થઈ ગઈ છે. પણ તેને પડતી ન મુકતાં સર્જકની મર્યાદાના નમૂના તરીકે રહેવા દીધી છે.

પોતાનાં દોસ્તોને યાદ કરતા કરતાં કવિ સાચે જ ગદગદિત થઈ ગયા હતા. તેમણે કહયું કે, જીવનમાં જયારે મારા પગ ડગમગ્યા અને હું શ્રદ્ધા ગુમાવવાની અણી પર હતો ત્યારે મિત્રો અને સ્વજનોએ મને હુંફ આપી સંભાળ્યો છે. આ ઋણ હું સાત જન્મેય ચુકવી શકીશ નહી.

(ક્રમશઃ)

# હેપી બર્થ ડે શ્યામ

### – પ્રકાશ ડી. કુબાવત

(ગયા અંકનું ચાલુ)


થોડા દિવસ પછી તરૂણને ખબર પડી કે હર્ષદ વિજયનાં ઘરે ગયો હતો. તો હું પણ જાઉં. વિજય કયાં મારો દુશ્મન છે ? હું પણ વિજય સાથે સંબંધ જાળવી જ રાખીશ. આમ વિચારી તે વિજયનાં ઘરે ગયો.

વિજયે તેને મીઠો આવકાર આપ્યો. થોડી વાર પછી તરૂણે પણ પોતાની હૈયા વરાળ ઠાલવી. વિજય શાંતિથી સાંભળી રહયો હતો.

વાત પુરી થયા પછી વિજયે કહયું કે, ''હર્ષદ પણ અહીં આવ્યો હતો. તે તો તને ખબર જ હશે. હર્ષદનાં પણ તારા પર ઉપકાર છે. તું નવો–નવો નોકરીએ લાગ્યો પછી તરત જ તારા લગ્ન થયા. તારે રહેવા માટે મકાન પણ ન હતું. ત્યારે હર્ષદને બહુ સારૂ હતું અને હર્ષદે વગર ભાડાએ એક વર્ષ સુધી તેના મકાનમાં તને મફત રહેવા દીધો હતો.''

તરૂણ પણ ભૂતકાળ માં સરી પડયો. તેને પણ હવે પસ્તાવો થવા લાગ્યો. તે પણ પસ્તાવો કરતો ઘરે ગયો.

વિજયે હવે એક યુકિત કરી. પોતાનાં પુત્ર શ્યામનાં જન્મ દિવસે તેને હર્ષદનાં પરિવારને




અને તરૂણનાં પરિવારને બોલાવ્યા બધા બાળકો બધુ ભુલીને ખુબ નાચ્યા અને ખુબ આનંદ કર્યો. દેવ અને ઓમને પણ યાદ ન રહયું કે તેઓ એકબીજા સોથ બોલવા નથી.

બધા બાળકોને સાથે રમતા જોઈને હર્ષદ અને તરૂણ પણ રાજી થયા છતાં કશું બોલી શકયા નહીં.

વિજયે વાતનો દોર હાથમાં લેતા કહયું કે, ''તમે બંને મારો ડાબો. જમણો હાથ છો. એકેય વિના હું ચલાવી શકુ નહી''.

ત્યાં તો હર્ષદ અને તરૂણ બંનેએ વિજયનો એક એક હાથ પકડી લીધો અને ગોળ – ગોળ ફરતા ગાવા લાગ્યા. ''હેપી બર્થ ડે શ્યામ''–

# હસવાની મનાઈ છે :

શિક્ષક ફ મહેનતના ફળ હંમેશા મીઠા હોય છે.
મનુ : સાહેબ, મેં ખુબ મહેનત કરીને લીંબુ તોડયું, પણ તે ખાટું નીકળ્યું.

---

શિક્ષક : મનુ હોટનો સ્પેલિંગ બોલ તો !
મનુ : નથી આવડતો સાહેબ.
શિક્ષક : પાછલી બેંચ ઉપર ઉભો થઈજા.
મનુ ઉભો થયો. તેણે પાછળ નજર કરી તો એક ચોટલીવાળો છોકરો જતો હતો. મનુએ બૂમપાડી, ''એ ચોટી, એ ચોટી....''
શિક્ષક : શાબાશ, સ્પેલિંગ આવડી ગયો. હવે બેસીજા.

---

કીડીઓએ સાઈકલની રેસ લગાવી હતી. સામે હાથી મળ્યો. બધી કીડીઓએ બૂમ મારી, ''એ જાડીયા મરવુ છે તારે ?''


---

શિક્ષક : બંટી, બોલ ૧૮૬૯માં કઈ મહત્વની ઘટના બની હતી ?
બંટી : સર, આપણા રાષ્ટ્રપતિ ગાંધીજીનો જન્મ થયો હતો.
શિક્ષક : શાબાશ ! હવે એ જણાવ કે ૧૮૭૩માં શું થયું હતું ?
બંટી : સર, ગાંધીજી ચાર વર્ષના થયા હતા.

---

ચિન્ટુ કલાસમાં જોરથી હસી રહયો હતો.
પિન્ટુ ઉભો થઈને બોલ્યો : ચૂપ
ચિન્ટુ : તું કોણ છે ?
પિન્ટુ : હું મોનિટર છું.
ચિન્ટુ : હું સી.પી.યુ. છું, હવે બોલ...

**બાલમિત્રો,**



ભાઈ–બહેનના પ્રેમનું પ્રતિક એવું પર્વ 'રક્ષાબંધન આપણે ઉજવ્યું. બહેન–ભાઈને રાખડી બાંધી તેના દીર્ઘઆયુષ્યની કામના કરે છે તો ભાઈ બહેનને જિંદગીભર તેનું રક્ષણ કરવાની ખાત્રી, બાંહેધરી આપે છે. ભેટ પણ આપે છે. આ જઈ આજની દેખાદેખીમાં ઉજવાતું રક્ષાબંધનનું પર્વ. વાત સાવ સામાન્ય છે. એક સુતરનો તાંતણો કેટલું મોટું કામ કરી જાય છે તેનો પુરાવો આપણા ઈતિહાસમાં રહેલો છે. મહાભારતના યુદ્ધમાં અભિમન્યુ લડવા માટે જાય છે. ત્યારે માતા કુંતા તેને રાખડી બાંધે છે. એ રાખડીએ અભિમન્યુનું છેક સુધી રક્ષણ કર્યુ. પણ તેનો અંત તો હતો જ. કોઈપણ કારણસર રાખડી છુટી ગઈ, ને અભિમન્યુ હણાણો. રાખડી એ પ્રેમના પ્રતિકનું જીવતું જાગતુ ઉદાહરણ છે. પેલા બલીરાજાની વાત તો તમેં જાણો જ છો. લક્ષ્મીએ બલિરાજાને ભાઈ માની રાખડી બાંધીને બદલામાં દ્વારપાળ ભગવાન વિષ્ણુને માગી લે છે. ત્યારે લક્ષ્મીજી કરે છે. આજનો દિવસ ભાઈ બહેનના શુદ્ધપ્રેમનું પ્રતિક બની રહેશે. જેને રક્ષાબંધન પણ કહે છે.

# વાર્તા રે વાર્તા...

દર રવિવારે રૂપાયતનમાં ''**વાર્તા રે વાર્તા**'' થાય છે. તેમાં ગયા રવિવારે ચૌધરી પલક, સરવૈયા ભવ્ય, ખોખર શાહનવાઝે સુંદર વાર્તાઓ કહી. પ્રજાપતિ મિતે કવીઝના પ્રશ્નો પૂછયા, સોલંકી માનવે ઉખાણા પૂછી જ્ઞાન તપાસ્યું, ડાંગર જાન્વીએ બાળગીત રજુ કર્યુ. શેખવા સૂર્યાંશીએ જોકસ કહયા, અન્ય બાળકોએ પણ જુદી જુદી કૃતિઓ રજુ કરી આનંદ માણ્યો. અંતે ત્રિશૂલની ચોકલેટ લઈ છૂટા પડયા.

# હોમરૂલ લીગ અને લખનઉ કોંગ્રેસ

## સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે

– બાલગંગાધર તિલક






**શિરોલના જૂઠા આરોપોનું ખંડ**

૧૯૧૦માં વેલેન્ટાઈન શિરોલે એક પુસ્તક લખ્યું હતુ. 'ઈન્ડિયન અનરેસ્ટ', એમાં તિલક પર ગંભીર આરોપ લગાવવામાં આવ્યા હતા. શિરોલના આ લેખ લંડનના દૈનિક 'ટાઈમ્સ'માં પણ છપાયા હતા. શિરોલે કમિશનર રેન્ડ અને આયર્સ્ટની હત્યાઓના અસલી પ્રેરક તિલક જણાવ્યા હતા. આ ઉપરાંત નવી પેઢીમાં હિંસાની ભાવના ફેલવવા અને મુસલમાનોનો વિરોધ કરવાનો પણ શિરોલે આરોપ લગાવ્યો હતો. તિલકે આ આરોપોનું ખંડન કર્યુ અને તેના પર માનહાનિનો દાવો દાખલ કર્યો.

શિરોલે નોટિસ મળતા જ એની એક નકલ મુંબઈ સરકારને મોકલી આપી. આમાં એક રહસ્ય હતુ. શિરોલને તિલક વિરૂધ્ધની તમામ સામગ્રી મુંબઈ સકારે જ આપી હતી. આ મુકદમો લાંબો ચાલ્યો. પાછળથી તિલક લંડન ગયા ત્યાં પણ આ મુકદમો ચાલતો રહયો.

**હોમરરૂલ લીગ**

સંકટો આવવા છતાં તિલક આગળ વધતા ગયા. કોંગ્રેસમાં પોતાની ગરમ દળની નીતિઓ માટે એમને સંઘર્ષ કરવો પડતો હતો. પરંતુ દેશવાસીઓમાં 'પોતાનું શાસન અને પોતાની વ્યવસ્થા' માટે તેઓ તનતોડ મહેનત કરી રહયા હતા. તેઓ જનતાને હોમરૂલ (સ્વશાસન)ની પ્રેરણા આપવા લાગ્યા. પોતાનો આખો સમય તેઓ હોમરૂલના પ્રચારમાં વીતાવવા લાગ્યા. એમના વૃધ્ધ હાડકાઓમાં ફરી એકવાર દધિચીના હાડકાઓનું બળ આવી ગયું હતુ.

દેશની રાજનીતિમાં ઝેર ઘોળાઈ રહયું હતુ. સંકીર્ણ તાકાતો ફરી માથુ ઉંચકવા લાગી હતી. ૧૯૦૬માં મુસ્લિમ લીગની સ્થાપના થઈ હતી. બ્રિટિશ સરકાર એને કોંગ્રેસ વિરૂધ્ધ ભડકાવી રહી હતી. કોંગ્રેસને આને કારણે કારમો આઘાત લાગ્યો હતો. એ સમયની સ્થિતિનું વર્ણન કરતા જવાહરલાલ નેહરૂએ પોતાની આત્મકથામાં લખ્યું હતુ. ''રાજકીય દ્રષ્ટિએ ૧૯૧૨ ના અંતિમ દિવસોમાં ભારતમાં ખુબ નિષ્ક્રિયતા હતી. તિલક જેલમાં હતા. ગરમ દળ વાળાઓનું દમન થઈ ચૂકયું હતુ. અને શકિતશાળી નેતૃત્વના અભાવમાં તેઓ શાંત હતા. વિભાજન થઈ ગયા બાદ બંગાળ શાંત હતુ અને ''મિંટો–મોર્લે સુધાર યોજના''ની કાઉન્સિલોમાં નરમદળના લોકોનું ધ્યાન લાગ્યું હતુ.''

શ્રીમતિ બેસંટ પણ કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા. તિલકે દેશભરમાં નવો જોશ ભર્યો હતો. બહિષ્કાર આંદોલનો યોજીને તિલક અંગ્રેજ સરકારને નમાવવા માગતા હતા. પરંતુ ગોખલે અને નરમ દળના લોકો એમને સાથ નહોતા આપતા. ૧૯૧૪ના કોંગ્રેસ અધિવેશનમાં ગરમ દળના પ્રસ્તાવોનો ફીરોઝશાહ મહેતાએ ખુબ વિરોધ કર્યો હતો. શ્રીમતિ બેસંટે ભાર દેતા આ પ્રસ્તાવ સમિતિએ સોંપવામાં આવ્યો હતો. એ પછીનું અધિવેશન મુંબઈમાં ભરાયું. એ વખતે ગોખલે અને મહેતા બંનેના દેહાંત થઈ ચૂકયા હતા.

તિલક આ અધિવેશનમાં હાજર નહોતા રહયા. અધિવેશનમાં નરમ દળના વિરોધ છતાં કોંગ્રેસમાં ગરમ દળના લોકોને સામેલ થવાની છૂટ મળી ગઈ અને કોંગ્રેસ ખરડામાં સુધારો થઈ ગયો. મુંબઈ અધિવેશન પહેલા પૂણેમાં રાષ્ટ્રવાદીઓની એક બેઠકમાં હોમરૂલ લીગની સ્થાપનાના પ્રશ્ને વિચાર કરાયો હતો. ૨૮ એપ્રિલ, ૧૯૧૬ ના રોજ બેલગામમાં હોમરૂલ લીગની વિધિવત સ્થાપના થઈ. એનો હેતુ હતો. બ્રિટિશ સામ્રાજય હેઠળ બધા કાનૂની ઉપાયોમાં સ્વશાસન મેળવાય અને એ મેળવવા દેશના જનમતને શિક્ષિત કરાય. જોસેફ બેપ્ટિસ્ટા એના પહેલા સભાપતિ બન્યા.

# માદક દ્રવ્યો

મનુષ્ય જાતિને વધુમાં વધુ જો હાનિ કરી હોય તો તે માદક પદાથોએ. એનાથી માનવનાં ધન, સ્વાસ્થય અને જીવનનો નાશ થાય છે. માદક દ્રવ્યોનું સેવન કરવાથી ભવિષ્યની સંતતિ દિવસે દિવસે નિર્બળ અને નિસ્તેજ થતી જાય છે.

ભારતમાં લાખો લોકોને ભરપેટ અનાજ મળતું નથી. ભારતમાતાનાં કેટલાય લાલ અન્ન ન મળવાથી અકાળે મૃત્યુ પામે છે. જયાં ભરતની માતાઓ અને બહેનો રોટલાનાં ટુકડા માટે લાચાર થઈ જાય છે ત્યાં માદક દ્રવ્યોનો પ્રચાર થાય એનાથી વધુ બીજી કઈ દુર્ભાગ્યની વાત હોઈ શકે ?

માદક પદાર્થોએ દેશ અને વિદેશનાં લોકોને પાર વિનાનું નુકસાન પહોચાડયું છે. અતિ પ્રાચીન સમયથી ગૌરવવંતા એવા ભારતવર્ષમાં માદક દ્રવ્યોનો પ્રચાર બહુ જ ભયંકર છે.




આઠ દસ વર્ષનાં બાળકો પણ બીડી–સિગારેટ પીતાં નજરે જોવામાં આવે છે. આ દ્રશ્ય મર્માન્તક તથા શરમજનક છે. નાની વયથી જે બાળકો માદક પદાર્થો, ચા, બીડી, મદિરા, ગાંજો, તમાકુ જેવી વસ્તુઓનું સેવન કરે છે એ યુવાન થવાને બદલે બાળપણમાંથી સીધું વૃદ્ધત્વ પામે છે. આવાં નિર્માલ્ય બાળકો દેશની શી સેવાઓ કરી શકે ! એવાં બાળકો પોતાની જીવનયાત્રા પણ બરાબર નહિ ચલાવી શકે.

ભારત જેવા ગરીબ દેશમાં દસ બાર રૂપિયા રોજના કમાનાર માણસો પાંચ સાત રૂપિયા દારૂમાં કે ગાંજામાં વાપરી નાખે છે. પછી પોતાનાં બાળ બચ્ચાં તથા પત્નીનું પાલન–પોષણ કેવી રીતે કરી શકે ?

માદક દ્રવ્યોનું સેવન કરનાર માણસો પોતાના ખર્ચે જીવતાં જીવતાં પોતાની ઠાઠડી બનાવે છે. આનું સેવન કરનાર માણસ વધુ વખત જીવી શકતો નથી. માદક પદાર્થોનું સેવન કરવાની ટેવ ખૂબ જ ખરાબ છે દુર્બળ મનનાં લોકોને એ ટેવ છોડવી મુશ્કેલ છે. આ મહારોગ સમય જતાં અસાધ્ય થઈ જાય છે.

# સંકલ્પ નિયમન માટે સિદ્ધસાધનાઓ

## વિચાર શકિત (THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

### ૨. દ્રઢ મનોબળ દ્વારા સંકલ્પનિયમન

ઉન્નતિના માર્ગમાં વિઘ્નકારક એવા અનિચ્છનીય વિચારો અને તેની ખરાબ અસર સામે થવાની શકિત મનમાં કેળવવા માટે ખુબ જ મનોબળની જરૂર પડે છે. આ મનોબળ વધારવાથી તમારા ઉપર માત્ર અંદરના આત્માની ઉચ્ચ પ્રેરણાને બહારના પ્રેરકબળોની જ સુંદર અસર થઈ શકશે. માટે હંમેશા તમારા મનને સૂચન કરો : "હું મારા મનને બંધ કરું છું. હલકી અસર સામે તેને દ્રઢ બનાવું છું, અને દરેક ઉચ્ચ પ્રેરક અસર માટે તેનું ખુલ્લું રાખું છું." મનના આવા ચોકકસ ને સતત ભાનપૂર્વકના વલણથી થોડીવારમાં ટેવ પડી જાય છે.

આવા સતત અભ્યાસથી જીવનમાં દ્રશ્ય તેમજ અદ્રશ્ય તત્વો તરફથી આવતી અધમને અનિચ્છનીય અસરો બંધ થઈ જાય છે અને ઉચ્ચ અસરો સહેલાઈથી કામ કરી શકે છે. જેટલા પ્રમાણમાં તેને આવકારવામાં આવે તેટલા પ્રમાણમાં તેઓ મનમાં પ્રવેશ કરી પોતાની સુંદર અસર નીપજાવે છે.

મનમાં શ્રદ્ધા તેમજ સંશય એ બંને સાથે જ રહે છે. "ઈશ્વર છે કે નહિં" તે બાબતમાં પ્રથમ સંશય ઉત્પન્ન થાય છે. આને સંશયભાવના કહે છે. "મને બ્રહ્મસાક્ષાત્કાર થશે કે નહિં" તેવો બીજો સંશય પેદા થાય છે. ત્યારે અંદરથી કોઈ બીજો જવાબ દે છે. "ઈશ્વર કે બ્રહ્મ સત્ય છે. તે હાથમાંના આંગળાની પેઠે નકકર સત્ય પદાર્થ છે, તે જ્ઞાનને આનંદના સમૂહરૂપ છે – પ્રજ્ઞાનઘન ચિદ્‌ઘન ને આનંદઘન છે. અવશ્ય હું તેનો સાક્ષાત્કાર કરીશ."

આવી રીતે આપણને જ્ઞાન થતું જાય છે અને વિચારો અસ્પષ્ટ અને અસ્થિર હોય છે અને તેઓ મનમાં આવજા કર્યા કરે છે. માટે આપણે શુભ સંકલ્પોને કેળવીને મનમાં સ્થિર કરવા જોઈએ કે જેથી તેઓ મનમાં કાયમ માટે રહી શકે. વિચારોને ચોકકસ ને શુધ્ધ કરવાથી મનમાંની ચિંતા અને ગોટાળો દુર થઈ શકશે.

"ઈશ્વર છે કે નથી ? આત્મસાક્ષાત્કાર હું કરી શકીશ કે નહિં ?" આવી શંકા ઉત્પન્ન થાય ત્યારે "ઈશ્વર સત્ય છે ને હું જરૂર આત્મસાક્ષાત્કાર કરી શકીશ આ બાબતમાં જરા પણ સંશય નથી." આવા સ્પષ્ટ હકારાત્મક સૂચન સંકલ્પ દ્વારા શંકાનો નિરાસ કરવો જોઈએ." મારા શબ્દકોષમાં 'કરી શકું નહિં', 'અશકય', 'મુશ્કેલ', એવા શબ્દો જ નથી." આ બાબતને મનમાં નિશ્ચયપૂર્વક ઠસાવી રાખો. આ પૃથ્વી પર બધુ જ સંભવિત છે. જયારે તમે દ્રઢ નિશ્ચયપૂર્વક કરો ત્યારે કોઈ વસ્તુ મુશ્કેલ રહેતી નથી. દ્રઢ નિશ્ચય અને મનોબળ દરેક કાર્યમાં અને ખાસ કરીને મન પર વિજય મેળવવામાં નકકર પરિણામો લાવશે."


### ૩. અસહકારની ભાવના દ્વારા મનોજય

મન જયારે મલિન વિચારોમાં રખડવા માંડે ત્યારે તેને સાથ આપો નહિ. આથી તે ધીમે ધીમે તમારે વશ થશે. મન સાથેના અસહકારની આ યોજનાથી સફળ પરિણામ આવે છે. જો મન કહે કે "આજે મને મીઠાઈ ખાવાની ઈચ્છા છે." તો મનને કહો, "હું તને આ બાબતમાં સાથ આપીશ નહિં. હું મીઠાઈ ખાઈશ નહિ. હું તો માત્ર રોટીને દાળ ખાઈશ." જો મન કહે કે "આજે તો હું સિનેમા જોવા જવાનો છું." તો મનને કહો કે "હું તો સ્વામી રામાનંદના સત્સંગમાં જઈશ ને તેમના ઉપનિષદ પરના વ્યાખ્યાનો સાંભળીશ." જો મન કહે કે "રેશમી પહેરાણ પહેરવાની ઈચ્છા છે." તો મનને કહો કે "હું ભવિષ્યમાં કદી રેશમી વસ્ત્ર પહેરવાનો નથી. હું તો માત્ર ખાદી જ પહેરીશ." મન સાથે અસહકાર કરવાની આ પધ્ધતિ છે. મન સાથેનો અસહકાર એટલે વિષયના પ્રવાહની સામે તરવું તે. આથી મની ચંચળતા ઓછી થતી જશે અને ધીમેધીમે તે તમારો દાસ બનશે. આમ, મન ઉપર તમે વિજય પ્રાપ્ત કરી શકશો. જે સંયમી મનુષ્ય વિષયોના ભોગપદાર્થોની વચ્ચે રહેવા છતાં તેમાં રાગદ્વેષથી મુકત રહી મનને સંયમમાં રાખી શકે છે.

તેજ શાંતિ મેળવી શકે છે. મનને ઈન્દ્રિયો કુદરતી રીતે જ રાગને દ્વેષ રૂપી બે વિરોધી પ્રવાહોને આધીન છે માટે જ છે તેમને અમુક પદાર્થો ગમતા નથી પણ તપસ્વી સાધક સંસારના પદાર્થોની વચ્ચે રાગદ્વેષ વિના સંપૂર્ણ આત્મસંયમ સાથે વિચારી શકે છે, આથી શાશ્વર શાંતિ મેળવી શકે છે.

સંયમી પુરુષમાં દ્રઢ ઈચ્છાશકિત હોય છે. આથી ઈન્દ્રિયો ને મન તેની ઈચ્છાને અનુસરે છે. તે માત્ર શરીરના નિર્વાહ પૂરતા જરૂરી પદાર્થો રાગદ્વેષ વિના સ્વીકારે છે. શાસ્ત્રમાં નિષેધ કરેલ કોઈ પદાર્થને તે ભોગવવા ઈચ્છા કરતો નથી.

# પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧૩૧. સંયમ અને સદાચાર ધીરે ધીરે વધારતા જજો.

૧૩૨. જીવન વિલાસમય થયું એટલે ભકિતનો વિનાશ થયો.

૧૩૩. સંત થશો તો સંત મળી આવશે.

૧૩૪. દ્રષ્ટિને એવી ગુણમય બનાવજો કે કોઈના દોષ દેખાય નહિં.

૧૩૫. અભિમાન આવે એટલે પતન થાય છે.

૧૩૬. કોઈનાં દોષને જોશો નહિ. કોઈના પાપનો વિચાર કરશો નહિ કે વાણીથી તેનો ઉચ્ચાર કરશો નહિ.

૧૩૭. કપડાં બદલવાની જરૂર નથી, કાળજું બદલવાની જરૂર છે.

૧૩૮. મનનાં ગુલામ ન બનો, તેને નોકર બનાવો.

૧૩૯. માનવજીવનનું લક્ષ છે પરમાત્મા મીલન. જે પ્રતિ ક્ષણે સાવધાન છે તે સંત છે.

૧૪૦. મનને સુધારશો તો તમે સંત થશો.

# જ્ઞાનમંજરી

(૫૧) કયાં સર્જકે ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીની સર્વોત્તમ ભૂમિકા ભજવી છે ?
– જયશંકર 'સુંદરી'
(૫૨) ગુજરાતી સાહિત્યની પ્રથમ કથા કઈ છે ?
– સરસ્વતીચંદ્ર(ગોવર્ધનરામ ત્રિપાઠી)
(૫૩) ગુજરાતી સાહિત્યની પ્રથમ નવલકથા કઈ ?
કરણઘેલો(નંદશંકર મહેતા)
(૫૪) ગુજરાતી સાહિત્યનાં પ્રથમ રાસની રચના કોણે કરી ?
– ભરતેશ્વર બાહુબલિરાસ(શાલિભદ્રસુરી)
(૫૫) ગુજરાતી સાહિત્યમાં પ્રથમ શૃંગાર કાવ્ય કયું છે ?
– વસંતવિલાસ(૧૪૫૨)
(૫૬) ગુજરાતનાં લોકગીતનાં વિખ્યાત ગાયક કોણ છે ?
– હેમુ ગઢવી
(૫૭) સચ્ચિદાનંદ વાત્સ્યાયન લેખકનું તખ્ખલુસ શું છે ?
– અજ્ઞેય
(૫૮) ફિલ્મી ક્ષેત્રે સંગીતમાં મૂલ્યવાન ફાળો આપનાર વિભૂતિ કોણ છે ?
– ગૌરાંગ વ્યાસ
(૫૯) વેદના પ્રચારક કોણ હતા ?
– સ્વામી શ્રી ગંગેશ્વરાનંદજી
(૬૦) ગુજરાતી સાહિત્યમાં "શ્રી મોટા" તરીકે ઓળખાતા કવિ કોણ છે ?
– ચુનીલાલ આશારામ ભગત

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## મનમંદિરે વિચાર-દીવો, અંજવાસ ચારેકોર !

મનોવૈજ્ઞાનિકોનાં મતાનુસાર, માનવીનાં અંગત જીવનમાં કે સમાજમાં આકાર લેતી ઘટના બીજીવાર બને છે. પ્રથમ એ ઘટના માનવનાં મસ્તિષ્કમાં વિચારરૂપે ઘટતી હોય છે. વિરામાર્ગે વિહરતા મનુષ્ય ઉર્ધ્વગમન પામતો હોય છે. બહુ ન વિચારવાની ટેવ ધરાવતા શાસકો કે પ્રજાસમૂહો યુદ્ધ નોતરતા રહે છે. વિચાર એટલે અલ્લાઉદ્દીનનો જાદુઈ ચિરાગ ! વિચાર 'કેળવવા' એ જ મૂળ ભૂત કેળવણી છે. આજનો શહેરી સમાજ દેખાડાનાં ભભકાને કારણે વિચારશૂન્યતા ભણી ઘસડાતો લાગતો નથી ?

વિચાર એ તો રાજા છે,– મનની અગાધ શકિતઓનો !

# ઉખાણા

(૧) એવું કયુ પક્ષી છે, જેનો મતલબ અંગ્રેજીમાં વધારે થાય છે.

(૨) શરૂઆતમાં તે લીલુ રહે પછી તે પીળુ થઈ જાય, નાના હોય કે મોટા બધા મજાથી ખાય.

(૩) દિવસના સુવે અને રાતે રુએ જેટલું રુએ એટલું ખોવે.

(૪) વગર પાણી ઘર બનાવે, બધાના ઘરમાં મળી જાય.

(૫) એવી કઈ વસ્તુ જેના પર તમારો અધિકાર છે, પરંતુ તમે તેનો ઉપયોગ ઘણો ઓછો કરો છો ?

(૬) એવી કઈ વસ્તુ છે કે જે માણસ ખરીદે તે પહેરતો નથી અને જે પહેરે છે તે ખરીદતો નથી ?

(૭) એવી કઈ વસ્તુ જે કયારેય ઘટતી નથી ?

– સોલંકી માનવ સુરેશભાઈ

**જવાબ : (૧) મોર (૨) કેરી (૩) મીણબત્તી (૪) કરોળિયો (૫) તમારુ નામ (૬) કફન (૭) ઉંમર**

# વાર્તા : દાનનો મહિમા

ઘણાં વર્ષો પહેલાની આ વાત છે. ઘરમપુર નામે એક નગર હતું. આ નગરમાં શિવરાજ નામનો રાજા રાજ કરતો હતો. આ નગરનાં લોકો ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. આ નગરમાં એક ગોવાળ રહેતો હતો. તેનું નામ રમેશ હતું. રમેશ પાસે પાંચ ગાયો અને બે ભેંસો હતી. રમેશને પાંચ દીકરા હતા. રમેશની પત્નીનું અવસાન થઈ ગયું હતું. રમેશ પોતાની ગાયો ચરાવી તેનું દુધ વહેંચીને પોતાનું ગુજરાન ચલાવતો હોત. પણ તેમાંથી તે પોતાનાં છોકરાનું માંડ માંડ પેટ ભરાતું હતું.

રમેશ ગરીબ હોવાને કારણે તે પોતાનાં છોકરાને શિક્ષા આપી શકે તેમ ન હોતો ગામનાં બધા જ છોકરા શિક્ષા લેવા માટે આશ્રમ જતા હતા. પણ રમેશનાં છોકરા જઈ શકે તેમ નહોતા તેના છોકરા આખો દિવસ ઉદાસ રહેતા હતા. રમેશની પત્ની મૃત્યું પામી હતી. તેથી ઘરનું બધુ જ કામ કાજ રમેશ કરે.

એક દિવસ રમેશ પોતાની ગાયો લઈ જંગલમાં ગાયો. તેણે જંગલમાં એક સાધુ મહારાજ જોયા. રમેશે આ સાધુને પહેલી વાર જોયા હતા. તેને થયું કે આ આવા ઘાટા જંગલમાં શું કરે છે ? એટલે તેણે સાધુ મહારાજ પાસે થઈ પુછયું, "તમે આ જંગલમાં શું કરો છો ? તમને પહેલા તો કયારેય નથી જોયા. સાધુ મહારાજે કહયું, કે હું એક સેવકની શોધમાં છું જે મારૂં મંદિર અને આશ્રમની દેખરેખ કરે અને ઈશ્વરની સેવા પુજા કરે. ગોવાળે કહયું કે સાધુ મારે પાંચ છોકરા છે. મારી પત્ની મૃત્યું પામી છે. તમે મારા છોકરાને શિક્ષા આપો તો તમારો ઘણો ઉપકાર થશે. હું રોજ આશ્રમ અને મંદિરની સાફ–સફાઈ કરીશ અને ભગવાનની સેવા–પુજા કરીશ. સાધુ મહારાજે કહયું કે સારૂ હું અને તારા છોકરા મારા આશ્રમમાં આવી જશે. ગોવાળ તો રાજી થઈ ગયો. તે પોતાની ગાયો લઈ ઘરે ગયો અને છોકરાને કહયું. તમે મારી સાથે ચાલો, રમેશ પોતાના છોકરાને લઈને સાધુનાં આશ્રમે ગયો. ત્યાર બાદ રમેશ અને તેના છોકરા ત્યાં જ રહેવા લાગ્યા. રમેશની ગાયો પણ ત્યાં જ જંગલમાં ચરતી, રમેશ રોજ સવારે વહેલા ઉઠી, નાહી – ધોઈ ઈશ્વરની સેવા પુજા કરે. મંદીર પાછળ એક નાનો બગીચો હતો. બગીચો રંગબેરંગી દેખાતો હતો. તે બગીચામાંથી તાજા ફુલ તોડીને ભગવાનનાં ચરણોમાં અર્પિત કરતો. તે પોતાનાં સ્વચ્છ મનથી ઈશ્વરને તજતો.

એક દિવસ સાધુ મહારાજ રમેશનાં છોકરાને શિક્ષા આપતા હતા. એવામાં રમેશ ત્યાંથી ગાયો લઈને જતો હતો. સાધુ મહારાજે કહયું, 'રમેશ ! જરા અહીંયા આવ તો ! સાધુ મહારાજ બધા લોકોનું ભવિષ્ય જોઈ શકતા હતા. તેને થયું કે રમેશ રોજ સવારે વહેલા ઉઠી ઈશ્વરની સેવા – પુજા કરે છે. છતાં પણ રમેશને આવું દુઃખ ! રમેશ સાધુ પાસે જાય છે. સાધુએ કહયું. કે તારો હાથ બતાવ તો ! સાધુ મહારાજને તેનું ભવિષ્ય જોવું હતુ. તેણે રમેશનો હાથ જોયો. હાથ જોતા જ સાધુ મહારાજ ચકિત થઈ ગયા. તેણે જોયું કે થોડીક જ ક્ષણમાં રમેશનું મૃત્યુ થઈ જશે. રમેશે પુછયું કે શું થયું મહારાજ ? સાધુએ કહયુ તથાસ્તુ ! સાધુ ઉભા થઈને મંદિરે ગયા રમેશ વિચારમાં પડી જાય. તેને કાઈ જ સમજાતું નથી. રમેશ પોતાની ગાયો લઈ જંગલમાં જાય છે. રમેશા જંગલની ખુબ જ અંદર જાય છે. બીજી બાજુ રમેશનાં છોકરા રમેશની રાહ જુએ છે. સાધુને ખબર છે કે રમેશ પાછો આવશે નહી. તે છોકરાને સુઈ જવાનો આદેશ આવે છે. છોકરા ભોજન ગ્રહણ કરીને સુઈ જાય ાછે. મધરાતે સાધુ જુએ છે કે ગાયો આવી રહી છે. પણ સાધુને રમેશ દેખાતો નથી. બીજે દિવસે સવારે છોકરા રમેશનું સાધુ મહારાજને પુછે છે. ત્યારે સાધુએ જવાબ આપ્યો કે રમેશને હું લઈ આવું છું. સાધુ રમેશને શોધવા જંગલમાં નીકળી પડે છે. છોકરા પણ સાધુ સાથે જંગલમાં ાજાય છે.તેણે ખુબ દુર – દુર સુધી જોયું પણ તેને રમેશ કયાંય દેખાતો નથી. સાધુને લાગ્યું કે નકકી રમેશનું મૃત્યુ થઈ ગયું છે.ા ાતેણે જોયું તો એક પહાડમાંથી એક નદી આવતી હતી. એ નદી ઝરણું થઈને વહી જતી હતી. સાધુ મહારાજ તે નદી પાસે જાય છે. અને જુએ છે. તો નદીકાંઠે તેને લાલ પાણી દેખાય છે. તેણે જોયું તો રમેશ મરી ગયેલો હતો. તેણે રમેશને બહાર કાઢી આશ્રમ લઈ ગયા અને તેના અંતિમ સંસ્કાર કીધા. રમેશનાં છોકરા ખુબ જ રડવા લાગ્યા તેણે સાધુ મહારાજ પાસે જઈ કીધુ. "આ બધુ કેવી રીતે થયું ? ત્યારે સાધુએ કીધુ કે રમેશ કહેલા પાપ તેને ભોગવ્યા છે. એટલે જ હું હંમેશા કીધા કરૂં છું. કે જિંદગીમાં સત કર્મો કરવા જોઈએ. જેનું ફળ મળે છે. જો તમે દાન–પુણ્ય કરો તો તમને કમોત મરવું પડતું નથી. આથી સતકર્મો કરવા જોઈએ.

**– ભેડા ભૂમિ દેવેન્દ્રભાઈ, ધોરણ : ૮, શ્રી પાણિયા પ્રા.શાળા.**

# કાવ્યજ્ઞાન

અષાઢી સાંજના અંબર ગાજે
અંબર ગાજે, મેઘાડંબર ગામે
માતેલા મોરલાના ટૌકા બોલે
ટૌકા બોલે, ધીરી ઢેલડ ડોલે
ગરવા ગોવાળીયાના પાવા વાગે
પાવા વાગે સુતી ગોપી જાગે
વીરાની વાડીઓમાં અમૃત રેલે
અમૃત રેલે, ભાભી ઝરમર ઝીલે
ભાભીની રાતીચોળ ચુંદડી ભીજે
ચુંદડ ભીજે, ખોળે બેટી રોઝે
અષાઢી સાંજના અંબર ગાજે
અંબર ગાજે, મેઘાડંબર ગાજે

– જીગર ખુમાણ

(ધો.૫–બી. રૂપાયતન પ્રા.શાળા અમરેલી)





# સામાન્ય જ્ઞાન

(૧) સ્વામી દયાનંદ સરસ્વતીએ કઈ સંસ્થા સ્થાપી હતી ?
**– આર્ય સમાજ**
(૨)વસ્તીની દ્રષ્ટિએ સૌથી મોટો દેશ કયો છે ?
**– ચીન**
(૩) ભારતીય સેનાના સુપ્રીમો કમાન્ડર કોણ ગણાય છે ?
**– રાષ્ટ્રપતિ**
(૪) ચીન દેશમાં કયા વર્ષે ક્રાંતિ થઈ હતી ?
**– ઈ.સ. ૧૯૧૧**
(૫) તાંબુ અને જસતથી બનતી મિશ્રધાતું કઈ છે ?
**– પિત્તળ**
(૬) ૨.૧ ને સાદા અપૂર્ણાંકને કેવી રીતે લખાશે ?
– $\frac{21}{10}$
(૭) કોઈ એક વસ્તુના બે ભાગતાનો એક ભાગ એટલે...
– $\frac{1}{2}$
(૮) ગુજરાતમાં આવેલુ એકમાત્ર ગીરીમથક કયું ?
**– સાપુતારા**
(૯) ગુજરાતમાં ટેલીવિઝનની શરૂઆત કયાંથી થઈ
**– ઈ.સ. ૧૯૭૫**
(૧૦) મનુષ્ય દર મિનીટે કેટલા શ્વાસોશ્વાસ લે છે ?
**– ૧૬ થી ૧૮**
(૧૧) તીતલીઓની કેટલી પ્રજાતી છે ?
**– એક લાખ**
(૧૨) વાઘની ગર્જનાનો અવાજ કેટલા કીલોમીટર સુધી સંભળાય છે.
**– ૩ કિલોમીટર**
(૧૩) કયાં પક્ષીને પાંખો હોતી નથી ?
**– કીવી**
(૧૪) ફ્રાન્સ દેશનું રાષ્ટ્રચિહ્‌ન કયું છે ?
**– કમળ**
(૧૫) જાપાન દેશનું ચલણી નાણું કયું છે ?
**– યેન**

**નામ : પ્રજાપતિ મીત દેવરાભાઈ (ધો. ૫–બી)**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# આ મારું ચિત્ર છે

**બાલમિત્રો, પાણિયા પ્રા.શાળાના બાળકો સુંદર ચિત્રો દોરે છે. તથા તેમને પ્રોત્સાહિત કરવા એમના શિક્ષિકા બહેન ચિત્રો સંપાોદકને પહોંચાડે છે. પાણિયા પ્રા.શાળાના બાળકો તથા શિક્ષકોને અભિનંદન....**



મનીષા વિપુલભાઈ વાઘેલા
(ધો.૭, શ્રી પાણિયા પ્રાથમિક શાળા)



ટુડિયા હેમાંશી કમલેશભાઈ
(ધો.૮, શ્રી પાણિયા પ્રાથમિક શાળા)



હુદડ ભાર્ગવી વનરાજભાઈ
(ધો.૮, શ્રી પાણિયા પ્રાથમિક શાળા)




કિંજલ નરેશભાઈ વાઘેલા
(ધો.૭, શ્રી પાણિયા પ્રાથમિક શાળા)

# કોટડાપીઠા આઉટ પોસ્ટનાં મકાનનું લોકાર્પણ કરતા પોલીસ અધિક્ષક





તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ખાતે આવેલ ઓ.પી.નું લોકભાગીદારીથી બનેલ મકાનનું અમરેલી એસ.પી. હિંમકરસિંહ દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. નાની બાળાઓ, પોલીસ બેન્ડનાં સુર સાથે એસ.પી.નું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ વાર્ષિક ઈન્સપેકશન તેમજ લોકદરબાર યોજાયેલ. જેમાં લોકોને કાંઈ પ્રશ્ન હોય તો જણાવવામાં કહેવામાં આવતા. જેમાં તાલુકા પંચાયતનાં માજી સભ્ય વિનુભાઈ ચોવટીયા દ્વારા ટ્રાફિક પોલીસની કનડગત તેમજ કરણુકી ગામનાં મનીષ ભયલુભાઈ ધસડીયા દ્વારા ગામમાં દારૂનાં દુષણની એસ.પી.ને લોકદરબારમાં રજૂઆત કરવામાં આવેલ. આ પ્રસંગે જીલ્લા પંચાયતનાં સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ તેમજ ધરાઈ હવેલીનાં મુખ્યાજીએ પોલીસ કામગીરીથી સંતોષ વ્યકત કરેલ. હાલ આ નવનિર્મિત આઉટ પોલીસ સ્ટેશનમાં હવેથી એફ.આર. માટે બાબરા ધક્કા નહીં થાય તેમજ અરજી ઉપરથી તપાસ કરી કાર્યવાહી કરાશે. એસ.પી. દ્વારા ઓ.પી.ને ચોવીસ કલાક કાર્યરત રહે તે માટે પ્રયત્ન કરાશે. આ લોકદરબારમાં આજુબાજુ ગામડાનાં સરપંચો, માજી સરપંચો તેમજ બાબરા તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ બુટાણી, સોનકવોરીનાં એસોશિએશનનાં હોદ્દેદારો, તાલુકા પંચાયતનાં સભ્ય તેમજ વેપારીઓ નાગરિકો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. આ લોકદરબારમાં જે.પી. ભંડારી, ડી.વાય.એસ.પી. ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોટડાપીઠાનાં ઓ.પી.નાં સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ.

## અમરેલીમાં ભગીરથ જયંતિની ઉજવણીમાં ભાજપનાં આગેવાનો જોડાયા




અમરેલી, તા. ૧

ભગીરથ જયંતિ નિમિત્તે અમરેલી શહેર સમસ્ત સગર સમાજ દ્વારા ભગીરથ દાદાની શોભા યાત્રા અમરેલી શહેરમાં નીકળેલ હતી. ત્યારે ભગીરથ દાદા ને પુષ્પાંજલિ કરી દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ કાર્યક્રમમાં અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથ ત્રિવેદી ઉપપ્રમુખ ભુપતભાઈ સાવલિયા હિતેશભાઈ પોપટ રાજભાઈ જાની સહમંત્રી અંકુરભાઈ જાવિયા કારોબારી સભ્ય યોગેશભાઈ ગણાત્રા દિપભાઈ વાછાણી પ્રદીપભાઈ રાખોલીયા સહ ખજાનચી ભાવિનભાઈ ભટ્ટ સહિત વેપારી ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા સાથે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ રાજુભાઈ કાબરીયા મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા પ્રદેશ યુવા મોરચાના ઉપપ્રમુખ મનીષભાઈ સંઘાણી શહેર ભાજપના પ્રમુખ ભાવેશભાઈ સોઢા મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયા શહેર ભાજપના મંત્રી તુષારભાઈ વાણી વિજયભાઈ ચોટલીયા યુવા મોરચામાંથી ભુરાભાઈ ખાનપરા અજયભાઈ કાલેણા રાજુભાઈ વસાવડા સહિત ઉપસ્થિત રહ્યા હતા. સાથે સગર સમાજના પ્રમુખ નાનજી ભાઈ રસિકભાઈ પાથર દિલીપભાઈ ભેસાણીયા સહિતના સગર આગેવાનોને મળી અને આનંદ વ્યક્ત કર્યો હતો.

### પાના ૮ ઉપરનું ચાલું કોંગો ફીવરનો રીપોર્ટ આવતા ફફડાટ

દવાખાને સારવાર હેઠળ રાખવામાં આવેલ છે જયાં તેમની તબીયતમાં સુધારો હોવાનું જણાવાયું છે.

અમરેલી જિલ્લામાં અગાઉ લીલીયા તાલુકા તથા અમરેલી તાલુકામાં એક–એક કેસ કોંગો ફીવરનો આવ્યો હોય. ત્યારે સાવરકુંડલા ખાતે ત્રીજો પોઝીટીવ કેસ આવતા આરોગ્ય વિભાગ ધ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં

અત્યંત નાજુક જણાઈ હતી. જેથી તાત્કાલિક દર્દીને આઈ.સી.યુ. માં દાખલ કરી વેન્ટીલેટર પર રાખવામાં આવેલ હતું. જયાં તેમની સતત આઠ દિવસ સુધી સારવાર કરી તા. ૨૯/૮/૨૦૨૩ ના રોજ દર્દી સ્વસ્થ થતા તેમને રજા આપવામાં આવેલ હતી.

દર્દીને જીવનની અંતિમ કટોકટીની ક્ષણોમાંથી બચાવી સ્વસ્થ કરવા બદલ દર્દીનાં સગા એ ડો.પ્રદીપ બારૈયા તથા ડો. સુરભી ચાવડા તથા તેમની ટીમનો ખુબ ખુબ આભાર વ્યકત કર્યો હતો.

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં લાપાળીયા નજીક

રાત્રીના આશરે સાડા નવેક વાગ્યે રોડ ઉપર પહોંચતા સામેથી આવતા ઈકો ગાડી નંબર જીજે–૧૪–ઈ–૬૨૯૫ ના ચાલકે પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી આવી મોટર સાઈકલ સાથે ધડાકાભેર અથડાવી દેતા બાઈક ચાલક યુવક તથા અન્ય રોડ ઉપર પડી જતા યુવકને જમણા પગે સાથળનાં ભાગે ગંભીર ઈજા કરી તેમજ શરીરે ઈજાઓ થયેલ તેમજ લાલબાઈબેનને તથા વિશાલને તથા શર્મીલાબેનને શરીરે નાની મોટી ઈજાઓ કરી તેમજ રેશમબેન (ઉ.વ. ૩) ને શરીરે ગંભીર ઈજા કરી મોત નીપજાવીઆરોપી ઈકો ગાડી લઈ નાસી ગયાની ફરીયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાઈ છે.

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં ''મિશન બ્રોડગેજ''

આજે ડો. જીવરાજ મહેતા ચોકમાં ટેબલ–ખુરશી લગાવીને જાગૃત્ત નાગરિકોએ શહેરીજનોને એક–એક પોસ્ટકાર્ડ પ્રધાનમંત્રીને બ્રોડગેજ રેલ્વેની સુવિધા માટે લખવા અનુરોધ કરતાં યુવાનો, મહિલાઓ, વૃધ્ધો સહિત સૌ કોઈએ પ્રધાનમંત્રીને પોસ્ટકાર્ડ પાઠવીને સુવિધા માટેનાં યજ્ઞમાં આહૂતિ આપી હતી.

હવે અમરેલીની પોસ્ટ ઓફિસનાં અધિકારી નિયત સમયે અને નિયત સ્થળે તમામ પોસ્ટકાર્ડ પહોંચે તે માટે જનતાને સહયોગ કરે તે જરૂરી છે. કારણ કે "પોસ્ટકાર્ડ" કયારે પહોંચશે તેવો પ્રશ્ન ઉપસ્થિત થતો આવ્યો હોય પોસ્ટકર્મી એટલો સહયોગ કરે તે જરૂરી છે.

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં નૂતન હાઈસ્કૂલનાં પટાંગણમાં

જનતાને લોકમેળાનો લાભ લેવા આયોજક સમિતિ ધ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

આ લોકમેળાનાં ઉદઘાટન પ્રસંગે ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, નાયબ દંડક કૌશિક વેકરિયા, સાંસદ કાછડીયા, લાયન રમેશચંદ્ર રૂપાલા, કલેકટર અજય દહિયા, જિલ્લા પંચાયતનાં પ્રમુખ રેખાબેન મોવલીયા, પાલિકા પ્રમુખ મનિષાબેન રામાણી, લાયન વસંત મોવલીયા, અશ્વિન સાવલીયા, મુકેશ સંઘાણી, લાયન અભય શાહ, લાયન મયંક ગોસાઈ, પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી, ભાજપ પ્રમુખ રાજેશ કાબરીયા, કોંગી પ્રમુખ ડી.કે. રૈયાણી, યાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, આરોગ્ય ચેરમેન શ્રીમતિ કંચનબેન જીતુભાઈ ડેર સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે. લોકમેળાને સફળ બનાવવા લાયન કિશોરભાઈ શિરોયા, લાયન ઋજુલભાઈ ગોંડલીયા, લાયન બિમલભાઈ રામદેવપુત્રા તથા તમામ સદસ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

### પાના ૮ ઉપરનું ચાલું ઉનામાં સામાન્ય બાબતે

યુવકને જમણા આંતરડા પાસેનાં ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને બચાવવા ગયેલા યુવકનાં ભાઈને પણ જમણા હાથમાં છરીનાં ઘા વાગી જતાં શખ્સ વિરૂદ્ધ ઉના પોલીસે એટ્રોસિટી એકટ સહિતની ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. ઉનાનાં ભીમપરા વિસ્તારમાં રહેતો મેહુલ જેન્તીભાઈ મકવાણા નામનો યુવક ભીમપરા ચોક વિસ્તારમાં આવેલ ઢોરા પાસે ગયેલ હોય ત્યારે બાજુનાં ભાગે રહેતો દિવ્યેશ ઉર્ફે ડોરીમોન સવજીભાઈ ફરિયાદી પાસે આવી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી કહેવા લાગેલ કે તું અહીંયા કેમ પેશાબ કરે છે તેમ કહી અપશબ્દ બોલવા લાગતા મેહુલે અપશબ્દો બોલવાની ના પાડતા દિવ્યેશ ઉર્ફે ડોરીમોન એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાની પાસે કમરમાં રહેલ છરી કાઢી મેહુલને ડાબા આંતરડાની પાસેનાં ભાગે ઘા ઝીંકી દેતા રાડા રાડી કરતાં નજીકમાંથી ઘાયલ યુવકનો મોટોભાઈ પરેશ આવી જતાં પરેશે છરી પકડી લેતા જમણા હાથની આંગળીઓમાં ઈજાઓ થઈ હતી. બાદમાં આરોપી દિવ્યેશ ઉર્ફે ડોરીમોન સ્થળ પરથી જતા જતા કહેલ કે આજે તો તું બચી ગયો હવેથી અહીંયા પેશાબ કરીશ તો જાનથી મારી નાખીશ તેમ ધમકી આપી નાસી જતાં ઈજાગ્રસ્ત મેહુલને પ્રથમ સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર અર્થે ઉનાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા ઉના પોલીસમાં ઘાયલ મેહુલ મકવાણાએ ફરિયાદ નોંધાવતા પોલીસે એટ્રોસિટી મારામારી સહિતની કલમો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં જુના બસ સ્ટેન્ડ વિસ્તારમાં

જાહેર યુરિનલ એક જ ખાનાવાળી હોય. અહીં અવારનવાર લોકોને ઘણી વખત લઘુશંકા કરવા માટે લાઈનમાં પણ ઉભા રહેવું પડતું હોય છે. આ વિસ્તાર શહેરની મધ્યમાં આવેલ હોય વળી અહીંથી આસપાસના ગામડે જતાં આવતાં મુસાફરોની સંખ્યા પણ નોંધનીય હોય તેમજ આ વિસ્તારમાં પણ અનેક દુકાનો આવેલ હોય. અહીં હટાણું કરવા આવતાં ગ્રામજનોની સંખ્યા પણ વધુ હોય. આ વિસ્તાર આસપાસ દવાખાના પણ ઘણાં આવેલ હોય દર્દીઓની સાથે આવતાં સગા સંબંધીઓની સંખ્યા પણ ઘણી હોય છે. એટલે એક ખાનાવાળી યુરીનલની સુવિધા પર્યાપ્ત ન ગણાય. વળી આ યુરીનલની સફાઈ પણ યોગ્ય થાય તેવું આ યુરીનલની મુલાકાત લેતાં રાહદારીઓ ઈચ્છે છે. શહેરની તમામ જાહેર શૌચાલયની જો લોકપ્રતિનિધિઓ અને સલંગ્ન અધિકારીઓ પણ એક વખત મુલાકાત લે તો તેઓને પણ વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આવે. દેશ જયારે આર્થિક વિકાસ માટે હરણફાળ ભરી રહ્યો હોય અને સાવરકુંડલા શહેરનું તો રેલવે સ્ટેશન પણ અદ્યતન સુવિધાઓ સાથે તૈયાર થવાનું હોય તેવી પરિસ્થિતિમાં અહીં આવનારા પ્રવાસીઓ પણ સ્વચ્છ અને સુઘડ શૌચાલય ઈચ્છે એ પણ સ્વાભાવિક છે. તો વહેલી તકે સાવરકુંડલા જૂના બસ સ્ટેન્ડ સહિત શહેરના અન્ય વિસ્તારોમાં સુવિધાયુકત શૌચાલયો બને અને તેની સફાઈ પણ નિયમિત રીતે એરપોર્ટના યુરીનલની માફક કરવામાં આવે એવું શહેરીજનો પણ ઈચ્છી રહ્યા છે.

### પાના ૧ ઉપરનું ચાલું મહિલા સાથે ૩૨ લાખની છેતરપીંડી

માં રૂપિયા ૭૮૬૦, એપ્રિલ–૨૨ માં રૂા. ૯૩૦૦, મે–૨૨ માં રૂપિયા ૧૪,૫૦૦ વળતર રૂપે તેણીને આરોપી પંકજભાઈ મનસુખભાઈ વઘાસીયાએ રોકડા આપેલ હતાં. બાદમાં આ મહિલા પાસેથી રોકડા, ગુગલ પે તથા ચેક મારફત કુલ રૂા. ૩૨,૦૦,૦૦૦ જેવી રકમ મેળવી લીધેલ હતી અને બાદમાં વળતર આપવાનું બંધ કરી દીધેલ. હતું.

આ અંગે પુછપરછ કરતાં બાદમાં થોડા દિવસ પછી રાબેતા મુજબ ટ્રેડીંગ શરૂ થશે એટલે તમોને વળતર મળવાનુ શરૂ થઈ જશે તેમ આરોપી પંકજભાઈએ જણાવેલ હતું. આ બાબતે અન્ય ભાગીદારો ગૌરવ સોજીત્રા, રવિ રાજસિંહ વાઘેલા, શકિતસિંહ વાઘેલા, કેતન વાટલીયાને જાણ કરેલ છે અને તેઓએ મને એવુ જણાવેલ છે, કે એરર દુર થશે પછી વળતર મળ વાનું શરૂ થઈ જશે. જેથી અમોને શંકા ઉપજતા ગઈ તા. ૨૭/૮/૨૦૨૩ ના રોજ મહિલાએ કેતનભાઈ વાટલીયાને ફોન કરીને મેં આપેલ પૈસા બાબતે વાતચીત કરતા કેતનભાઈ વાટલીયાએ મને જણાવેલ કે અમો ભાગીદારો એરર સોલ્યુશનના પ્રયાસમાં છીએ એરર સોલ્યુશન થશે એટલે તમારા પૈસાનું વળતર મળવાનું શરૂ થઈ જશે. જેથી મેં અક્ષયસિંહ વાઘેલાના મોબાઈલ ઉપર ફોન કરી પૈસા બાબતે વાતચીત કરતા અક્ષયસિંહે રોંગ નંબર કહી મારો ફોન કટ કરી નાખેલ. મેં સતત પંકજ વઘાસિયા સાથે ઘણા સમય સુધી વાતચીત કરતા તેમ છતાં મને ચુકવેલ વળતર સિવાય અન્ય કોઈ વળતર કે મુળ રકમ ચુકવેલ નથી.

આ તમામ આરોપીઓએ મારી જેમ અન્ય ઘણા લોકો સાથે પણ આ પ્રકારે રોકાણ કરાવી શરૂઆતમાં વળતર આપી પછી મોટી રકમ મેળવી વળ તર નહી આપી છેતરપીંડી કરેલ હોવાનું પણ ધ્યાને આવેલ છે. જેમા મોટા ભાગના શિક્ષકો હોવાનું જાણવા મળેલ છે.

આમ આ મહિલા પાસેથી ગત તા. ૨૮/૩/૨૨ થી તા. ૩૧/૮/૨૩ સુધીના સમયગાળા દરમિયાન રોકડા, ગુગલ પે તથા ચેક મારફત કુલ રૂા. ૩૨,૦૦,૦૦૦ જેવી રકમ મેળવી લઈ શિક્ષિકા બહેન સાથે બદઈરાદાથી પુર્વ આયોજીત કાવતરૂ રચી વિસઘાત કરી છેતરપીંડી ઠગાઈ કર્યાની પંકજભાઈ મનસુખભાઈ વઘાસીયા સહિત સાત શખ્સો સામે આ શિક્ષિકા બહેને ફરીયાદ નોંધાવી છે.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ ઉદયન ત્રિવેદી**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **ટાભા મંગાભાઈ પરમાર** રહે. જંગર તા. કુંકાવાવવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી ચિતલ રોડ
રે. સર્વે.નં. ૪૯ પૈકી — બીનખેતી પ્લોટ નં. ૭૩
જેના ચો.મી. ૧૧૯–૨૫
રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર : ૧૬૯૦/૨૦૧૦ — રજી. તારીખ : ૧૩/૦૫/૨૦૧૦

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ રાઘવભાઈ દિલાભાઈ ચાવડા પાસેથી વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જે મિલ્કતની ટાઈટલ ચેઈનમાં વિનોદરાય પુરૂષોત્તમભાઈ જાનીએ આ મિલ્કત ડુંગરભાઈ દેવરાજભાઈ ગજેરાનાં કુલમુખત્યાર હિંમતલાલ ટપુભાઈ સોંડીગરા પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૭૦૯/૧૯૮૫ તા. ૧૩/૦૫/૧૯૮૫નાં રોજ ખરીદ કરેલ છે. જે અંગેનું કુલમુખત્યારનામું તા. ૧૫/૦૪/૧૯૮૫નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું. સદરહું મિલ્કતમાં દસ્તાવેજ નં. ૭૦૯/૧૯૮૫ તા. ૧૩/૦૫/૧૯૮૫નાં રોજ રજીસ્ટર્ડ કરવામાં આવેલ દસ્તાવેજ ગુમ થયેલ છે. જેથી સદરહું મિલ્કત બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધા, વિરોધ હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ (ત્રણ)માં પુરાવા સહિત જાણ કરવી.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૧/૦૯/૨૦૨૩
અમરેલી
ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

**ઉદયન ત્રિવેદી**
**એડવોકેટ**

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૯૦ | ૧૬૧૦ |
| ૨ | ઘઉં | ૪૨૫ | ૫૧૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૪૭૦ | ૧૫૧૫ |
| ૨ | શિંગ મઠડી નવી | ૯૨૦ | ૧૦૦૦ |
| ૩ | શિંગ મોટી | ૮૪૦ | ૧૪૯૦ |
| ૪ | શિંગ મોટી નવી | ૧૧૮૦ | ૧૨૦૦ |
| ૫ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૯૫૦ |
| ૬ | તલ સફેદ | ૧૬૦૦ | ૩૨૯૬ |
| ૭ | તલ કાળા | ૧૫૦૦ | ૩૨૦૫ |
| ૮ | તલ કાશ્મીરી | ૩૫૨૫ | ૩૬૧૦ |
| ૯ | બાજરો | ૨૯૬ | ૩૮૪ |
| ૧૦ | જુવાર | ૫૦૫ | ૧૦૪૧ |
| ૧૧ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૫૪૪ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૨૩ | ૫૩૬ |
| ૧૩ | મગ | ૧૩૧૫ | ૧૩૧૫ |
| ૧૪ | ચણા | ૭૩૦ | ૧૨૧૭ |
| ૧૫ | ચણા દેશી | ૧૧૫૦ | ૧૧૬૮ |
| ૧૬ | તુવેર | ૧૦૦૦ | ૨૧૬૦ |
| ૧૭ | કપાસ | ૧૦૦૦ | ૧૬૨૩ |
| ૧૮ | નવો કપાસ | ૧૨૫૦ | ૧૫૬૫ |
| ૧૯ | એરંડા | ૯૪૦ | ૧૧૮૪ |
| ૨૦ | ધાણા | ૯૩૦ | ૧૨૦૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૭૫ | ૧૫૦૦ |
| ૨ | ચણા | ૯૨૫ | ૧૧૧૧ |
| ૩ | જુવાર પીળી | ૫૨૬ | ૫૨૬ |
| ૪ | બાજરો | ૩૫૦ | ૩૫૬ |
| ૫ | સોયાબીન | ૯૧૧ | ૯૧૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૬૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૩ | શીંગ નવી | ૧૦૦૦ | ૧૪૫૫ |
| ૪ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૨૩૮ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૬૭ |
| ૬ | જીરૂ | ૮૦૦૦ | ૯૧૦૦ |
| ૭ | કપાસ | ૧૦૩૫ | ૧૫૮૬ |
| ૮ | કપાસ નવો | ૧૦૨૦ | ૧૫૫૧ |
| ૯ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૪૮ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૬૦ |
| ૧૧ | બાજરો | ૩૦૦ | ૩૮૦ |
| ૧૨ | જુવાર | ૬૦૦ | ૯૯૧ |
| ૧૩ | મકાઈ | ૪૯૫ | – |
| ૧૪ | ચણા | ૧૧૦૦ | ૧૨૧૨ |
| ૧૫ | તુવેર | – | ૧૭૦૧ |
| ૧૬ | મેથી | – | ૧૦૯૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૯૦ | ૧૫૨૫ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૯૮૦ |
| ૩ | ઘઉં | ૪૫૩ | ૪૭૩ |
| ૪ | ચણા | ૮૨૦ | ૧૧૫૧ |
| ૫ | ધાણા | ૧૦૦૫ | ૧૨૦૫ |
| ૬ | તુવેર | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૭ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ૮ | સોયાબીન | ૯૧૭ | ૯૩૦ |
| ૯ | તલ | ૨૬૩૦ | ૨૬૩૦ |
| ૧૦ | મકાઈ | ૫૨૫ | ૫૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૫૦ |
| ૨ | ચણા | ૯૫૦ | ૧૦૬૦ |
| ૩ | તલ સફેદ | ૩૧૭૦ | ૩૨૪૦ |
| ૪ | બાજરો | ૩૮૨ | ૩૮૨ |
| ૫ | સોયા | ૮૨૫ | ૯૩૬ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૯ |
| ૭ | શીંગદાણા | ૧૭૯૦ | ૧૭૯૦ |
| ૮ | મગફળી | ૧૦૨૦ | ૧૧૪૫ |
| ૯ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૧ |
| ૧૦ | તુવેર | ૧૫૧૫ | ૧૭૦૦ |
| ૧૧ | લસણ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૨ | જુવાર | ૪૪૫ | ૪૪૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૧ | ૩૧૪૧ |
| ૩ | કપાસ | ૧૪૫૦ | ૧૬૦૦ |
| ૪ | બાજરો | ૩૫૦ | ૪૩૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૫૫ |
| ૬ | જુવાર | ૬૫૦ | ૧૦૫૨ |
| ૭ | ચણા | ૧૦૫૬ | ૧૨૦૧ |
| ૮ | અજમા | ૩૦૦૧ | ૩૦૦૧ |
| ૯ | સોયાબીન | ૯૧૧ | ૯૩૦ |

# કશ્યપ

ત્રણેય લોક ભરાઈ ગયા. તેથી જ કશ્યપને સૃષ્ટિકર્તા કહેવામાં આવે છે. ટુંકમાં આપણે કહી શકીએ કે સ્થાવર – જંગમ, પશુ–પક્ષી, દેવન્દાનવ, માનવ એ બધાં જ કશ્યપના સંતાનો છે.

હા, તેમની માતાઓ જુદી જુદી છે અને તેથી જ સંતાનોમાં સૃષ્ટિનાં તમામ વિવિધ પ્રકારનાં જીવોનો જન્મ થવા પામ્યો છે.

કશ્યપનાં સંતાનોમાં ફકત આપણો માનવ કે દેવ–દાનવની જ સમાવેશ થતો નથી. પશુ–પક્ષી, જીવજંતુ, સરિસૃપ, વૃક્ષ–વનસ્પતિ એ બધી જ સજીવ સૃષ્ટિ કશ્યપગોત્રી છે. તૈતિરીય સંહિતા કહે છે :

"અહ વૃક્ષસ્ય રેરિવા । : "હું સંસારરૂપી વિશાળ વૃક્ષને પ્રેરનારો છું."

આપણે એટલું સમજી શકીએ કે સૃષ્ટિનાં માતા–પિતા અદિતિ અને કશ્યપ છે.

બ્રહ્માને સૃષ્ટિનું સર્જન કરવું આવશ્યક હતું, આથી એમણે પોતાનાં માનસાપુત્રોને સંતાનોત્પતિનું કાર્ય હાથ ધરવાનું સુચન કર્યુ અને ઋષિઓએ આ ધર્મકાર્ય તરીકે સ્વીકાર્યુ પણ ખરૂ, ઋષિઓનાં મતે લગ્નજીવન ખોટું નથી કે સ્ત્રી–પુરૂષનો પ્રેમ પણ નિંદનીય નથી. તેને માયા કે કામવાસનાં કહીને ધિકકારવાની જરૂર પણ નથી.

હા, તેને વિશુદ્ધ કરવાની કે પ્રભુમય બનાવી સૃષ્ટિકમને આગળ વધારવાની પ્રવૃતિમાં મદદરૂપ બનાવવાની જરૂર છે. ભારતીય ઋષિઓની દ્રષ્ટિ આવી ઉત્તમ અને આદર્શ જ રહી છે. સ્નેહબંધ બાંધવો એ ખોટું નથી. પરંતુ તેમાં પાયાનું આવરણ ઢ ઈંકીને લોલુપતા સખવી કે મોહનાં પડળનાં આંખે પાટા બાંધી દેવાનાં નથી એ ઋષિઓએ સતત હૃદયસ્થ રાખ્યું છે. આથી તો મહર્ષિ પરાશર મત્સ્યગંધા કે

# આપણા ઋષિઓ...



સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા



સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક

સત્યવતી સાથે સ્નેહસંબંધ બાંધ્યા છતાં મહર્ષિ રહી શકયા અને વ્યાસ અવિવાહિત સ્ત્રીનાં સંતાન હોવા છતાં માનનીય જ રહયા છે. તેઓ કેવળ પુજય રહ્યા, એટલું જ નહી, પણ ચોવીસ અવતારમાંના એક અવતારી તરીકે પણ પુજનીય રહયા છે.

વિશ્વામિત્રે મેનકા સાથે સંબંધ બાંધ્યો. છતાં તપનાં પ્રભાવથી બ્રહ્મર્ષિ બન્યા અને સપ્તર્ષિમાં સ્થાન પામ્યા છે. કોઈએ કોઈની નિરર્થક નિંદા કરી નથી. કુદરતનાં ક્રમને માન આપ્યું છે. ઋષિએ પણ પોતાનાં ધર્મકાર્ય. તપશ્ચર્યા અને વિરકતતાને જાળવી જાણ્યા છે.

તેથી તેઓનાં ગુણ, યોગ્યતા, તપ, ધ્યાન, જ્ઞાન અને નિર્લેપતા જેવા ગુણોને ખ્યાલમાં રાખી તેમને વંદનીય માન્યા છે. તેમણે સાંસારિક જીવન ઈશ્વરપ્રાપ્તિ માટે કે જ્ઞાનોપાર્જન માટે બાંધક નહી, પણ સાધક માન્યું છે.વિવેક, સંયમ અને પ્રભુપરાયણતા સાથે જીવન જીવવાની કલાએ ભારતીય સંસ્કાર એન સંસ્કૃતિ સાથે જ વણાવેલી છે.

પરબ્રહ્મના ધ્યાનમાં લીન રહેતા કશ્યપનો આશ્રમ મેરૂપર્વતનાં શિખર પર હતો. દેવ, દાનવ, માનવ–સર્વકોઈ કશ્યપઋષિને માન આપતા, તેમની આજ્ઞાનું પાલન કરવા તત્પર રહેતા. પરશુરામ અને રામચંદ્રજીના તેઓ ગુરૂ હતા. 'વિષ્ણુપુરાણ' પ્રમાણે સાતમાં મન્વન્તરમાં થયેલા સપ્તર્ષિઓ એટલે વસિષ્ઠ, કશ્યપ, અત્રિ, જમદગ્નિ, ગૌતમ, વિશ્વામિત્ર અને ભારદ્વાજ આમ કશ્યપઋષિ સપ્તર્ષિઓમાં પ્રમુખ સ્થાન શોભાવે છે.

સપ્તર્ષિમંડળને 'અરિષ્ટનેમિ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

કહેવાય છે કે સમગ્ર કાશ્મીરપ્રદેશ પર કશ્યપઋષિ અને તેમનાં પુત્રોનું એકચક્રી શાસન હતું, બ્રહ્માનાં આ પુત્રે પર્વત કાપીને પાણી કાઢયું એ કાશ્મીર પ્રદેશનું નામ 'કશ્યપ' પરથી પડયું છે. કૈલાસપર્વતની આસપાસ ભગવાન શિવનાં ગણોની સતા હતી. સાથે દક્ષનું સામ્રાજય પણ ફેલાયેલું હતું. જયારે કાશ્મીર–પ્રદેશ પર કશ્યપની આણ વર્તતી હતી.

'અર્થર્વવેદ' અનુસાર જેમનો જન્મ 'કાળ'થી થયો છે. તેવા કશ્યપઋષિએ અનેક સ્મૃતિગ્રંથોની રચના કરી છે. પ્રાચીનકાળનાં મુખ્ય અઢાર જયોતિષ આચાર્યોમાંના એક તે કશ્યપઋષિ કશ્યપ શિલ્પશાસ્ત્રનાં પણ પ્રણેતા હતા. પરીક્ષિતના સમયમાં આ નામનાં એક વૈદ્ય પણ થયા છે. પરંતુ આપણે તો પ્રજાપતિ કશ્યપઋષિને જ વધુ જાણીએ છીએ, જેમણે 'નારદપુરાણ'માં વામનસ્તૃતિ (૧.૧૧.૭૨ –૮૧) રચીને 'દશકસ્તોત્ર' તરીકે આદરણીય સ્તુતિદર્શન કરાવ્યું છે.

કશ્યપઋષિ કહેતા : "સૌથી શ્રેષ્ઠ ધર્મ એક નહીં, ત્રણ છે : દાન, દયા અને કર્મ."

કશ્યપઋષિ એટલે જગતપિતા, જેઓ કહે છે. :

"સંતતિ શુદ્ધવંશ્યા હિ પરત્રેહ ચ શર્મણે ।"

"સારાં સંતાનો આ લોક અને પરલોકમાં સુખ આપે છે." **(ક્રમશઃ)**

# ચલાલા : ગાયત્રી સંસ્કાર કેન્દ્ર ખાતે સમૂહ જનોઈ ધારણ(બદલવા)નું આયોજન સંપન્ન



ચલાલા, તા. ૦૧

ચલાલા– શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ તથા બ્રહ્મસમાજ ચલાલા દ્વારા પવિત્ર શ્રાવણ સુદ પૂનમ ૩૦ ને બુધવારનાં દિવસે ચલાલા અને મીઠાપૂર(ડું)નાં તમામ બ્રહ્મબંધુઓનું સમૂહ જનોઈ ધારણ(બદલવા) આવેલ.

સંસ્થા વતી ભારત ભૂષણ મહેશભાઈ મહેતાએ આવેલ તમામ મહેમાનોનું તિલક દ્વારા સ્વાગત કર્યુ હતું અને બધા બ્રહ્મ દેવતાઓએ સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા અંતરનાં આશીર્વાદ આપ્યા હતા.

ચલાલા સમસ્ત બ્રહ્મ સમાજનાં નવા વરાયેલ પ્રમુખ લલિતદાદા શાસ્ત્રીનું મહેશભાઈ મહેતાએ સન્માન કર્યુ હતું.

જનોઈ ધારણ કરવા(બદલવાની) સંપૂર્ણ વેદોકત વિધિ શાસ્ત્રી શ્રી સનતદાદા અને પ્રતિકદાદા સાથી બ્રહ્મ દેવતા દ્વારા કરવામાં આવી હતી. જનોઈ બાદ સર્વોએ ફરાળ સાથે લીધું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેકટર મહેશભાઈ મહેતા તથા આચાર્ય શીતલબેન મહેતાએ ખુબ જ જહેમત ઉઠાવી હતી.

**બાબરા નગરપાલિકા – બાબરા, જિ. અમરેલી.**

## સાંસ્કૃતિક લોકમેળો ૨૦૨૩

**જાહેર હરરાજી**

આથી સંબંધકર્તા ઇસમોને જણાવવામાં આવે છે કે આગામી ભાદરવી અમાસ માટે નગરપાલિકા વિસ્તારમાં તા. ૧૪/૦૯/૨૦૨૩ થી તા. ૧૭/૦૯/૨૦૨૩ સુધી કુલ દિન–૪ માટે રાજકોટ રોડ, પંચકુંડ જવાના રસ્તા પર આવેલ નગરપાલિકા હસ્તકની ખુલ્લી જમીન તથા પંચવટી ગાર્ડન (બગીચાની) આજુબાજુમાં આવેલ ખુલ્લી જમીન નગરપાલિકાને **ફકત લોકમેળા માટે ભાડે આપવા માટે જાહેર હરરાજી કરવાની થાય છે** જેની અપસેટ પ્રાઇઝ રૂા. ૮૦,૦૦૦/– (અંકે રૂપિયા એશી હજાર પુરા) નકકી કરેલ છે. તેથી હરરાજીમાં ભાગ લેવા ઇચ્છુક લોકોએ તા.૦૪/૦૯/૨૦૨૩ સાંજના ૬:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીએ રૂા. ૫૦૦૦/– ડિપોઝિટ પેટે જમા કરાવવાના રહેશે, ડિપોઝિટ વગર કોઇપણ વ્યકિત હરરાજીમાં ભાગ લઈ શકશે નહીં, આ અંગે નીચે મુજબના સ્થળ પર હરરાજી કરવામાં આવશે જેની સંપૂર્ણ સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે.

સ્થળ :– નગરપાલિકા કચેરી–બાબરા.
તારીખ– ૦૫/૦૯/૨૦૨૩, બપોરના ૪:૦૦ કલાકે

| ચીફ ઓફિસર | કારોબારી ચેરમેન | પ્રમુખ |
|---|---|---|
| નગરપાલિકા–બાબરા | નગરપાલિકા–બાબરા | નગરપાલિકા–બાબરા |

# રક્ષાબંધન નિમિત્તે બહેનોનાં નામે ચંદ્ર પર જમીન લઈ ભાઈએ અનોખી સરપ્રાઈઝ ભેટ આપી

અમરેલી, તા. ૦૧

અમરેલી સ્થિત ડો. કલામ ઈનોવેટીવ સ્કૂલના યંગ ડાયરેકટર અને અમદાવાદ એલ.જે યુનિવર્સિટીનાં પૂર્વ વિધાર્થી એવા જય કાથરોટીયા દ્વારા રક્ષાબંધન નિમિત્તે તેમના બંને બહેનોને અનોખી ભેટ આપવામાં આવી હતી.



જયભાઈનાં બંને બહેનો પરણીત છે અને એક બહેન સુરત અને બીજા બહેન કેનેડાનાં એડમિન્ટન સ્થિત સાસરે છે. આ રક્ષાબંધને બંને બહેનોને અનોખી ગિફટ આપવાનો વિચાર આવ્યો. એ સમયે ચંદ્રયાન–૩ ની ભવ્ય સફળતાની ચર્ચા થઈ રહી હતી ત્યારે જયભાઈને વિચાર આવ્યો કે આ રક્ષાબંધનને યાદગાર બનાવવા માટે બંને બહેનો માટે ચંદ્ર પર જમીન લેવી છે.ભારતમાંથી શાહરૂખાન, સુશાંતસિંહ જેવા ફિલ્મ સ્ટાર પાસે જે પ્રકારે ચંદ્ર પર જમીન છે તે જ પ્રમાણે જયભાઈએ બંને બહેનો કિંજલબેન સરખેદી અને ધ્રુવીબેન લાંભીયા માટે ૧–૧ એકર જમીન ખરીદી એટલે આશરે ૧.૫ –૧.૫ વીઘા જમીન બંને બહેનોને સરપ્રાઈઝ ગિફટમાં આપી.

ચંદ્ર પર અલગ અલગ વિસ્તાર આવેલા છે. જેમાંના લેક ઓફ હેપીનેસ વિસ્તાર પર જયભાઈએ ૨ એકર જમીન ખરીદી અને પોતાના બહેનોને ભેટમાં આપી. ૩૦ ઓકટોબરનાં દિવસને સ્પેશિયલ બનાવવા માટે બંને બહેનોનાં નામના લુનાર પ્રોપર્ટી રાઈટસનાં સર્ટિફિકેટ પણ ટૂંક સમયમાં આવશે. લૂનાર સોસાયટી અને લુનાર રજિસ્ટ્રી દ્વારા આ સર્ટિફિકેટ આપવામાં આવશે.જયભાઈ અને તેમના બંને બહેનો ધ્રુવીબેન અને કિંજલબેન માટે આ રક્ષાબંધન આ વિશેષ પ્રકારના સોનેરી સંભારણા દ્વારા ખૂબ યાદગાર બની ગયો.

## આગામી દિવસોમાં ભવ્ય આયોજન

# અમરેલી જિલ્લાનાં અનુ.જાતિનાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

## ફોર્મ મેળવવા માટે આયોજકોનો સંપર્ક કરો

અમરેલી, તા.૦૧


અમરેલી જિલ્લાના અનુ.જાતિનાં વિદ્યાર્થીનો સન્માન સમારોહ યોજવામાં આવનાર છે. જેમાં વર્ષ–૨૦૨૨–૨૩ માં ધો.૧૦, ધો.૧૨, સ્નાતક, અનુસ્નાતક કે અન્ય ઉચ્ચ અભ્યાસમાં ઉતિર્ણ થનાર, કે અન્ય ક્ષેત્રમાં સિધ્ધી. પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનાં સન્માન સમારોહનું આયોજન કરવામાં આવનાર છે. આ સન્માન સમારોમાં ઉપર જણાવ્યા મુજબનાં વિદ્યાર્થીઓએ પોતાની શૈક્ષણીક માહિતી દર્શાવતું ફોર્મ નીયત સમય મર્યાદામાં આયોજકોને પહોંચાડવાનું રહેશે. આ સન્માન સમારોમાં ધો.૧૦ માં ૭૦ ટકાથી વધુ, ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં તથા કોમર્સમાં ૭૦ ટકા તથા વિજ્ઞાન પ્રવાહમાં ૬૦ ટકાથી વધુ ટકા પ્રાપ્ત કરનાર તમામ આ સન્માન સમારોહ માટે ફોર્મ ભરી શકશે, જયારે સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમમાં ૭૦ ટકા કે તેથી વધુ પ્રાપ્ત કરનાર, જયારે બી.એડ. એમ.એડ., એમ.ફીલ., માં ૭૦ ટકા કે તેથી વધુ પ્રાપ્ત કરનાર, તેમજ અન્ય ઉચ્ચ અભ્યાસમાં ૬૦ ટકા કે તેથી વધુ પ્રાપ્ત કરનાર આ સન્માન સમારોહમાં પોતાનું ફોર્મ રજુ કરી શકશે. આ ઉપરાંત ડોકટરી અભ્યાસ કે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે કોઈ જ ટકાવારીની મર્યાદા રાખવામાં આવી નથી.

આ ઉપરાંત રમત–ગમત, કલા કે સાંસ્કૃતિક ક્ષેત્રમાં પણ સિધ્ધી પ્રાપ્ત કરનાર ભાઈઓ – બહેનો પણ પોતાની વિગત મોકલી શકશે.

તમામ વિદ્યાર્થીઓ સમારોહ માટેનું ફોર્મ મેળવવા માટે મો.નં.૯૦૩૩૩ ૦૫૨૨૯ (શરદ મકવાણા), ૯૧૦૬૩૪૯૦૮૧ (રાજેશ દામોદરા), ૯૮૨૫૪૪૩૮૧૩ (જયંતી મકવાણા) પર સંપર્ક કરી મેળવી શકાશે. તથા ફોર્મમાં જણાવ્યા મુજબની માહિતી ભર્યા બાદ તા.૨૦/૦૯/૨૦૨૩ પહેલાં ફોર્મમાં જણાવેલ સરનામે અથવા આપેલ મોબાઈલ નંબર પર સંપર્ક કરી ફોર્મ પરત કરવાનું રહેશે.

વધુમાં માહિતી માટે ૯૦૩૩૩૦૫૨૨૯,૯૧૦૬૩૪૯૦૮૧, ૯૮૨૫૪ ૪૩૮૧૩ પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# અમરેલીની સરસ્વતી વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ કરાટે સ્પર્ધામાં અગ્રેસર



અમરેલી, તા.૦૧

અમરેલીની જાણીતી સંસ્થા સરસ્વતી વિદ્યામંદિર (એસએસવીએમ) ના બાળકો અમરેલી જિલ્લા સ્કુલ ગેમ્સ સ્પર્ધા કરાટે સાવરકુંડલા ખાતે યોજાયેલ. જેમાં જુદી–જુદી વેઈટ કેટેગરીમાં શાળાનાં બાળકોએ પ્રથમ સ્થાન મેળવેલ છે. જેઓ આગામી દિવસોમાં રાજયકક્ષાની 'કરાટે' સ્પર્ધામાં ભાગ લેવા જનાર છે. આ વિદ્યાર્થીઓને કૃણાલભાઈ પરમાર તથા દર્શનભાઈ ત્રિવેદીએ માર્ગદર્શન આપેલ. તેમ શાળાનાં આચાર્ય મનીષાબેન દવેની યાદીમાં જણાવાયું છે. હિંગુ પ્રાચી. દવે મૈત્રી ઝાલા ધ્રુવાંશી,બસન રિદ્ધિ, ક્રિષા ત્રિવેદી, અને ભકિત રામાણીનો સમાવેશ થાય છે.

# અમરેલીમાં શ્રી ચા.મ.મોઢ બ્રાહ્મણજ્ઞાતી મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન







અમરેલી ખાતે ૨૭ ઓગષ્ટનાં રોજ બાળા હનુમાન મંદિરનાં પટ્ટાંગણમાં શ્રી ચા.મ.મોઢ બ્રાહ્મણજ્ઞાતી મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન વડિલ વંદના અને વિશિષ્ટ પ્રતીમાં સન્માન કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ. પંકજભાઈ દવે, કિશોરભાઈ ભટ્ટ, ડો.મુકુંદભાઈ પંડયા, પ્રા.હર્ષદભાઈ સી.પંડયા, ડો.એસ.આર.દવે, શાંતીભાઈ પંડયા, ડો.સુરેશભાઈ પંડયા, તેમજ રાજેશ સી.પંડયા, અમરેલી જ્ઞાતિ મંડળનાં કરકમળોથી થયેલ. સ્વાગત ગીત શ્રીમતી ભાવિકાબેન એમ.પંડયા, અને કુ. વિશ્વા ભતરભાઈ પંડયા, દ્વારા કરવામાં આવેલ. પ્રાર્થના ગીત શ્રીમતી ભાવિકાબેન એમ.પંડયા દ્વારા રજુ કરીને વાતાવરણને ભકિતમય બનાવેલ. લીલીયા જ્ઞાતિ પ્રમુખ દિપકભાઈ દવે દ્વારા મહેમાનોનું અને ઉપસ્થિત જ્ઞાતિબંધુઓનું શાબ્દીક સ્વાગત તેમજ મહેમાનોનું શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ. સરસ્વતી સન્માનને જ વિભાગમાં વહુંચવામાં આવેલ પ્રથમ નર્સરીથી ધોરણ ૫ સુધીનાં વિદ્યાર્થીઓને ગીફાટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ. વડિલ વંદના કાર્યક્રમ અંતર્ગત ૭૫ વર્ષ પુર્ણ કરેલ. વડિલઓ પ્રવિણભાઈ આર.ત્રિવેદી, જસુમતીબેન બી.પંડયા, રંજનબેન એસ.પંડયા, ઈન્દુબેન સી.ત્રિવેદી, નાથાલાલ એચ.દવેનું ઉપસ્થિત મહુમાનો દ્વારા શાલ અને પુષ્પગુચ્છ આપીને સન્માનિત કરવામાં આવ્યા. ત્યારબાદ ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓનું ગીફટ આપી સન્માન કરવામાં આવેલ. સન્માનના આ દોરમાં જ્ઞાતિ મંડળને રૂપિયા ૫૦૦૦ થી વધારે દાન આપનાર હિતેન્દ્રભાઈ આર. પંડયા, ડો.સુરેશભાઈ એમ.પંડયા, અનિલભાઈ બી.પંડયા, મુકેશભાઈ બી.જોષી, પંકજભાઈ ત્રિવેદી, ડો.સ્નેહલભાઈ સી.પંડયા, પ્રો.હર્ષદભાઈ સી.પંડયા, રમેશભાઈ જે.પંડયાને શાલ અને પુષ્પગુચ્છ આપીને સન્માનિત કરવામાં આવ્યા.આ વર્ષ જ્ઞાતિ મંડળમાં પોતાનાં તન,મન અને ધનથી સેવા કરનાર, એવા જ્ઞાતિ મંડળનાં ઉપપ્રમુખ તેમજ મહામંડળનાં સંગઠન મંત્રી અને મિત્રનાં ઉપનામથી ઓળખાતા એવા રમેશચંદ્ર જેઠાલાલ પંડયાની આ જ્ઞાતિ સેવા અને સંગઠનની ભાવનાં જેમનાં મન, વચન, અને કર્મમાં 'જ્ઞાતિ એકતા સર્વોપરી' છે. તેમનું સન્માન સમગ્ર ટ્રસ્ટી મંડળ દ્વારા જ્ઞાતિ રત્ન 'સન્માનથી સન્માનિત કરવામાં આવ્યું. ત્યારબાદ એસ.એસ.સી. માં પ્રથમ આવનાર જય સ્નેહલભાઈ પંડયાને જ્ઞાતિ મંડળ દ્વારા શિલ્ડ અને રોકડ પુરસ્કાર રૂા.૧૦૦૦ તેમજ એસ.સી.માં વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ આવનાર પંડયા પાવન રાજુલભાઈ અને સામાન્ય પ્રવાહમાં પ્રથમ આવનાર કુ.રાજવી નિરજભાઈ પંડયાને અમરેલી જ્ઞાતિ મંડળ દ્વારા પુર્વ પ્રમુખ સ્વ. પ્રદીપભાઈ ડાયાલાલ પંડયાની સ્મૃતિમાં રૂા.૧૦૦૦ રોકડ પુરસ્કાર અને શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા સ્નાતક અને સહુસ્નાત કક્ષાએ ઉર્પણ થયેલ વિદ્યાર્થીઓને શિલ્ડ અને ગીફટ આપી. સન્માનીત કરાયા. વિશિષ્ટ સન્માનમાં જ્ઞાતિ મંડળનાં આદ્યપ્રણેતા સ્વ. શંકરભાઈ જે.દવેનાં પૌત્ર અને પ્રમોદશય, દળેનાં પુત્ર તુડો.દિવ્યેશકુમાર દવે કે જેઓએ કેરેટરરાઈઝેશન ઓફ ટી.આઈ.ટુ થીન. ફિલ્મ સિન્થેસાઈઝ, બાય આર.એફ.મેગ્નેટ્રોન સ્પુટરીંગ અને એપોચ ટુ ફોટો કેટલીટીક ડિગ્રેકેશન ઓફ લો.ડોન્સીટી પોલીઈવીન વિષમાં મહાનિબંધ લખીને પી.એચ.ડી.ની પૃથ્વી મેળવતા, જ્ઞાતિ મંડળ દ્વારા તેમનું સન્માન કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ટ્રસ્ટી ડો.અલ્પેશભાઈ પંડયા, ટ્રસ્ટી સંજયભાઈ દવે તેમજ કારોબારી સભ્ય આશીષભાઈ ત્રિવેદી દ્વારા ખુબ જ સુંદર રીતે કરવામાં આવ્યું. આ કાર્યક્રમને સફળ બનાવા માટો ટ્રસ્ટી મંડળ અને કારોબારી સભ્યો (૧) રાજેશા સી.પંડયા, (૨) રમેશભાઈ પંડયા, (૩) રશ્મિકાંત કે. વ્યાસ, (૪) સંજયભાઈ પી.દવે, (૫) ચેતનભાઈ પી.પંડયા,(૬) ચિરાગભાઈ જોષી (૭) રાજુભાઈ પી.પંડયા, (૮) ડો.અલ્પેશભાઈ બી.પંડયા, (૯) અનિલકુમાર એમ.પંડયા,(૧૦) ચેતનભાઈ પી.પંડયા,(૧૧) કશ્યપભાઈ એસ.દવે (૧૨) દિપકભાઈ એસ.દવે (૧૩) ઓમકારભાઈ ત્રિવેદી,(૧૪) દિપકભાઈ બી.દવે, (૧૫) પિયુષભાઈ ત્રિવેદી (૧૬) પિયુષભાઈ ત્રિવેદી,(૧૭) આશીષભાઈ ત્રિવેદી (૧૮) ભગીરથભાઈ પંડયા, સહિતનાં આગેવાનોએ ખુબ જ જહેમત ઉઠાવી હતી.

## ''વિકાસ''નાં નામે ગ્રામ્ય વિસ્તારનો ''વિનાશ'' તો થતો નથી ને ?

# બાબરા પંથકમાં ''પવનચક્કી''નાં કારણે જનતાની પરેશાની વધી

**અવાર-નવાર નાની-મોટી માથાકૂટો, માર્ગોનું ધોવાણ, વૃક્ષોનું છેદન સહિતની ઘટનાઓ પણ પ્રકાશમાં આવી રહી છે**

**જનતાની સુરક્ષા માટે વિશાળ તંત્ર હોવા છતાં પણ 'પવનચક્કી' લગાવવામાં અનેક નિયમોનો ઉલાળીયો**

**સમગ્ર વિસ્તારની જનતામાં અધિકારીઓ અને પદાધિકારીઓ શંકાના દાયરામાં**

**જિલ્લા કલેક્ટર દ્વારા બાબરા પંથકનાં ગ્રામ્ય વિસ્તારમાં લોક દરબાર યોજવામાં આવે તો સમસ્યા દૂર થાય**

અમરેલી, તા. ૧

બાબરા તાલુકા પંથકમાં ૨૦૦ પવનચક્કી તથા સોલાર પ્રોજેક્ટ દ્વારા થતી વ્યાપક ગેરપ્રવૃત્તિ અને પર્યાવરણ સહિત ગૌચર જમીનો, સરકારી પડતર જમીન અને ફોરેસ્ટ વિભાગની અબાધીત જમીનોમાં સરકારી બાબુઓ અને રાજકારણીઓની મીઠી નજરથી બધા કામ ચાલે છે. આ વિસ્તારનાં ગ્રામ્યજનો દ્વારા ચર્ચા થયા મુજબ કંપનીઓ દ્વારા પોલ ઉભા કરવા, અનઅધિકૃત રીતે વાહનો પસાર કરવા તથા વીજ વાયરો તેમજ મુખ્ય ફાઉન્ડેશન સહિતના મોટા ભાગના કામોના કોન્ટ્રકટ રાજકારણીના મળતીયાઓને આપી ગૌચર જમીનોનું અને સરકારી પડતર જમીનોનું નિકંદન કાઢવામાં આવ્યું છે અને આવા કામોના બદલામાં લાખો રૂપિયાના આર્થિક વ્યવહારો રોકડ અને બેન્ક મારફત થયેલ છે. આવી પ્રવૃત્તિઓથી આજુબાજુના ગરીબ ખેડૂતો ખૂબ જ હેરાન પરેશાન થાય છે અને જો સમયસર સરકાર તરફથી આ ગેરકાનૂની પ્રવૃત્તિ અટકાવવા કોઈ પગલા લેવામાં નહી આવે તો ગ્રામ્ય લેવલે સભાઓ કરી મોટી સંખ્યામાં ખેડૂતો જોડાશે અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનનો રાહ લે તો નવાઈ પામવા જેવું નહી રહે.

### શ્રમિક યુવક તેમના પત્ની અને બાળકો સાથે પસાર થતાં હોય

## અમરેલીનાં લાપાળીયા નજીક ઈકો કારે ૪ સવારી બાઈકને હડફેટે લેતા એક બાળકીનું મોત

**તાલુકા પોલીસે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી**



અમરેલી, તા. ૧

લાઠી તાલુકા કેરાળા ગામે રહેતા સુનીલભાઈ મહેશભાઈ ડાવર નામના ૩૦ વર્ષિય શ્રમિક યુવક મોટર સાઈકલ નં. જીજે–૨૨–બી–૦૫૬૨ લઈ પોતાના પત્નિ લાલબાઈબેન તથા ત્રણ બાળકો જેમા વિશાલભાઈ તથા શર્મીલાબેન તથા રેશમબેન સાથે જીરા ગામેથી કેરાળા ગામે પરત આવતા હતાં.ત્યારે અમરેલી સાવર કુંડલા રોડ ઉપર લાપાળીયા ગામ નજીક પેટ્રોલપંપ પાસે

અનુસંધાન પાના ૬ ઉપર

### ડો. પ્રદિપ બારૈયાની જહેમત રંગ લાવી

## અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં ગળાફાંસો ખાધેલ દર્દીનો આબાદ બચાવ




અમરેલી, તા. ૧

અમરેલી તા. ૨૧/૮/૨૩ ના રોજ ગળેફાંસો ખાઈ મોતને વહાલું કરવા જનાર મહિલા દર્દીને તેના જીવનની કઠીન ક્ષણોમાં શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે લાવવામાં આવેલ હતા. જયાં ડો.પ્રદીપ બારૈયા દ્વારા તપાસ કરતા દર્દીની હાલત

અનુસંધાન પાના ૬ ઉપર

## રાજુલામાં ટ્રાફિકને નડતરરૂપ વીજપોલ હટાવો



રાજુલા ખાતે રિલાયન્સ ટ્રેન્ડની બાજુમાં પીજીવીસીએલ દ્વારા મહાકાય વીજપોલ માર્ગમાં નડતરરૂપ ઉભો કરવામાં આવ્યો હતો. સ્થાનિકો છેલ્લા ૨ મહિનાથી વીજપોલનું સ્થાળંતર કરવા માંગ કરતાં હોય પીજીવીસીએલને કોઈ ચિંતા નથી.

### ભીમપરા વિસ્તારની ઘટના

## ઉનામાં સામાન્ય બાબતે યુવક ઉપર છરી વડે હુમલો

**પોલીસે આરોપી વિરૂધ્ધ ગુન્હો નોંધ્યો**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧

ઉનાનાં ભીમપરા વિસ્તારમાં સામાન્ય બોલાચાલી બાદ ઉશ્કેરાઈ જઈ આરોપીએ પોતાની પાસે રહેલ છરી વડે હુમલો કરતા

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી જિલ્લામાં કોંગો ફીવર ફરી દેખાયો

## સાવરકુંડલા શહેરમાં માલધારી આધેડને કોંગો ફીવરનો રીપોર્ટ આવતા ફફડાટ

**માલધારી આધેડની તબીયત સુધારા ઉપર હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું**

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લામાં અગાઉ કોરોનાએ હાહાકાર મચાવ્યા બાદ થોડા વર્ષથી લોકો કોરોનાનાં રોગચાળાનું ભૂલી ગયા છે. ત્યારે અમરેલી જિલ્લામાં કોંગો ફીવર નામનાં રોગે માથું ઉંચકતા સાવરકુંડલા શહેરમાં કોંગી ફીવરનો વધુ એક કેસ સામે આવ્યો છે. રીપોર્ટ પોઝીટવી આવતાં આરોગ્ય વિભાગ પણ હરકતમાં આવી જવા પામેલ છે. જો કે કોંગો ફીવરનાં દર્દીની તબીયત સારી હોવાનું પણ આરોગ્ય વિભાગે જણાવ્યું હતું.

આ બનાવમાં સાવરકુંડલા ગામે જેસર રોડ ઉપર રહેતા એક ૪૬ વર્ષિય માલધારી આધેડમાં કોંગો ફીવર હોવાનાં પ્રાથમિક લક્ષણો જણાતા આરોગ્ય વિભાગે તેમને લેબોરેટરી રીપોર્ટ કરવા મોકલ્યો હતો. જે રીપોર્ટ પોઝીટવી આવતા તેમને ભાવનગર

અનુસંધાન પાના ૬ ઉપર

### લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા આયોજીત

## અમરેલીનાં નૂતન હાઈસ્કૂલનાં પટાંગણમાં આજ સાંજથી લાયન્સ લોકમેળાનો પ્રારંભ

**રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે**



અમરેલી, તા. ૧

અમરેલીની સેવાભાવી સંસ્થા લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) ધ્વારા આવતીકાલ શનિવારે સાંજનાં ૫–૩૦ કલાકે રાજકીય અને સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં જન્માષ્ટમી લાયન્સ લોકમેળાનો દબદબાભેર પ્રારંભ કરાશે.

આ લોકમેળામાં થનારી આવક વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં વાપરવામાં આવશે. સમગ્ર જિલ્લાની

અનુસંધાન પાના ૬ ઉપર

### ભાગીદારીમાં બસ ખરીદ કરવા બાબતે

## બગસરાનાં માણેકવાડાનાં સરપંચ સાથે રૂપિયા ૧૪ લાખની છેતરપીંડી

**નફાનો ભાગ કે હિસાબ ન આપતા ફરિયાદ**

અમરેલી, તા. ૧

બગસરા તાલુકાના માણેકવાડા ગામે રહેતા અને હાલ માણેકવાડા ગામમાં છેલ્લા દોઢેક વર્ષથી સરપંચ તરીકે સેવા આપતા વિપુલભાઈ વજુભાઈ સાવલીયા નામના ટ્રાવેલ્સ સંચાલકને વિસાવદર રબારીકાના વતની અને હાલ નિકોલ અમદાવાદ ખાતે રહેતા સુમિતભાઈ સવજીભાઈ ભાલીયાએ સરપંચને વિશ્વાસમાં લઈ તેમની હરીઓમ ટ્રાવેલ્સ બસ જેના નં. જીજે–૧૪–ડબલ્યુ–૦૦૯૮ નવસારી થી પાઠાવાડા લાઈન ઉપર શરૂ કરી સારો એવો નફો કમાવવાની લાલચ આપી બદદાનતથી લલચાવી આ બસને પોતાના ટ્રાવેલસ ધંધામા ઉપયોગ કરી અને નફાનો ભાગ કે હીસાબ તેમજ બસ કિંમત રૂપિયા ૧૪,૦૦,૦૦૦ ની પરત નહી આપી વિશ્વાસઘાત કરી ગુન્હો કરેલ હોય તેવી ફરીયાદ પોલીસમાં નોંધાવી છે.

### શહેરીજનોનાં હિતાર્થે પાલિકાનાં શાસકો નિર્ણય કરે

## સાવરકુંડલાનાં જુના બસ સ્ટેન્ડ વિસ્તારમાં સુવિધાયુકત જાહેર શૌચાલય બનાવવા માંગ

**જનતા જનાર્દન કરવેરા ભરતી હોય સુવિધા મળવી જરૂરી**



સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા શહેરમાં જૂના બસ સ્ટેન્ડ તરીકે ઓળખાતા વિસ્તારમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### આગામી ૪ સપ્ટેમ્બરથી ૯ સપ્ટેમ્બર સુધી બંધ

## અમરેલી માર્કેટયાર્ડ જન્માષ્ટમીનાં તહેવારોને લઈને ૬ દિવસ બંધ રહેશે

**૧૦ સપ્ટે.ને રવિવારથી નવી જણસીને પ્રવેશ અપાશે**

અમરેલી, તા. ૧

માર્કેટયાર્ડમાં માલ વેચવા આવતા દરેક ખેડૂતભાઈઓ તથા વેપારીભાઈઓ તથા કમિશન એજન્ટભાઈઓને જણાવવામાં આવે છે કે, જન્માષ્ટમીનાં તહેવારો આવતા હોય ખરીદનાર વેપારીઓ અને કમિશન એજન્ટ ભાઈઓની રજા રાખવા આવેલ માંગણી મુજબ તા. ૪/૦૯/૨૦૨૩ ને સોમવાર થી તા. ૯/૦૯/૨૦૨૩ ને શનિવાર સુધી માર્કેટયાર્ડનું સઘળ કામકાજ બંધ રહેશે.

તા. ૧૧/૦૯/૨૦૨૩ ને સોમવારથી રાબેતા મુજબ માર્કેટયાર્ડનું કામકાજ શરૂ થશે. જેની વેપારીભાઈઓ ખેડૂતભાઈઓએ ખાસ નોંધ ાલેવા બજાર સમિતિનાં સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક અખબારયાદીમાં જણાવેલ છે.

જન્માષ્ટમીની રજાઓ બાદ દરેક જણસીઓની નવી આવક તા. ૧૦/૦૯/૨૦૨૩ ને રવિવારે સવારનાં ૯ વાગ્યાથી પ્રવેશ આપવામાં આવશે. જેની દરેક સંબંધકર્તાઓએ નોંધ લેવા માર્કેટયાર્ડનાં સેક્રેટરીએ અનુરોધ કરેલ છે.

